R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 11 • PAGES : 40 • MUMBAI • DATE : 5TH APRIL 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD FIRE PROTECT**

Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind. With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

**HD FIRE PROTECT PVT. LTD.**

Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India

Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED FM APPROVED VdS CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



**SRI VIKRAM RAMESH SONI**
Vanku (Kutch), presently in Cochin, Kerala
+91 90745 32153

# A Journey of Perseverance and Triumph

***"Taking longer than others doesn't mean you've failed. Success is about progress and persistence, not how fast you reach the finish line."***

Sri Vikram Ramesh Soni exemplifies this truth as he celebrated the culmination of his 'dream come true' journey in February 2025.

At 48, he achieved his goal of becoming a Company Secretary—a dream he had nurtured for over two decades.

His journey was long and arduous, marked by unwavering determination. Vikram first attempted the Company Secretary (CS) course in 1999 after completing his B.Com. Despite multiple setbacks and failures (sometimes scoring in single digits), he remained steadfast in his pursuit. His resilience, dedication and willpower helped him overcome the challenges.

In 2005, Vikram married Monali. He continued attempting the exams until 2006, after which he decided to step away from the pursuit.

However, the thought of his unfinished dream lingered in his mind. In 2012, at the age of 35, inspired by friends, colleagues and well-wishers, Vikram decided to give the CS exams another shot.

His perseverance bore fruit in December 2012 when he cleared one group of the CS Inter exams. In December 2013, he cleared the second group, despite facing scepticism from many who mocked him for his age. Undeterred, he remained focused and set his sights on the final exams.

In 2017, Vikram briefly considered attempting the CA exams but soon redirected his efforts back towards his original goal of becoming a Company Secretary. He pursued his Articleship while continuing his professional career, balancing both with remarkable determination.

In 2019, he cleared Group 1 of the CS finals. Over the next few years, he relentlessly pursued the remaining groups, finally passing the third and final group in December 2024. The results were announced in February 2025, marking the triumphant conclusion of his decade-long struggle.

Over the past decade, Vikram made 20 attempts before success finally embraced him. Today, he stands as a proud and accomplished Company Secretary, proving that persistence and hard work always pay off.

His story is a powerful testament to dedication, discipline, and the courage to keep going despite failures. It serves as an inspiration to all those chasing their dreams, reminding us that overcoming obstacles is often the hardest but most rewarding part of the journey.

***Sri KDO Jain Gnati Mahajan, Cochin,*** *takes pride in congratulating CS Vikram Ramesh Soni and wishes him continued success.*

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



: જન્મ :
૦૨ જાન્યુઆરી ૧૯૩૫

: અરિહંતશરણ :
૧૪ માર્ચ ૨૦૨૫

## સ્વ. માતુશ્રી નિર્મલાબેન (જયાબેન) તારાચંદ ધરમશી

સુથરી (વડોદરા)

શબ્દો નથી સુજતા અમને, શું લખીએ શ્રદ્ધાંજલિમાં?
પરિવાર જેમનું મંદિર હતું, અને પરિશ્રમ હતું એમનું કર્તવ્ય.
સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યાં, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.
કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય, અમારા સૌના કાળજા કંપાવી ગઇ.
સચ્ચાઇનો નથી થતો સ્વીકાર, તમારા વિના છે સૂનો પરિવાર.
આપના સદ્‌ગુણો, સંસ્કાર અને આત્મબળ અમારામાં રહે, એવી ભાવના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.
હે પ્રભુ ! સદ્‌ગતશ્રીના આત્માને આપજો પરમશાંતિ એજ અંતરભીની પ્રાર્થના અમારી.

## તારાચંદ શામજી ધરમશી પરિવાર-સુથરી (વડોદરા)
## શિવજી તેજપાલ લોડાયા પરિવાર-કોઠારા (ચાલીસગામ)

| | | |
|---|---|---|
| પુત્રવધુ-પુત્ર | : | સૌ. દેવીબેન તથા ભરત તારાચંદ ધરમશી-વડોદરા |
| પૌત્રવધુ-પૌત્ર | : | સૌ. પ્રિયંકા તથા રાહુલ ભરત ધરમશી - કેનેડા |
| પૌત્રી-જમાઈ | : | સૌ. ડિંપલ ધર્મેશ શેઠ - થાણા |
| પુત્રવધુ-પુત્ર | : | સૌ. અનિતાબેન તથા જય તારાચંદ ધરમશી - વડોદરા |
| પૌત્ર | : | મેહુલ જય ધરમશી-વડોદરા, તેજસ જય ધરમશી-અમેરિકા |
| ભાઈ-ભાભી | : | સ્વ. મધુરીબાઈ તથા સ્વ. ભવાનજી શિવજી લોડાયા-કોઠારા (ચાલીસગામ) |
| | | સ્વ. ભારતીબેન તથા સ્વ. ભરત શિવજી લોડાયા-કોઠારા (ચાલીસગામ) |
| બહેન-બનેવી | : | સ્વ. નંદકુંવરબાઈ મેઘજી મોતા-તેરા (ઇંદોર) |
| | | મા. મધુમતીબેન દિનેશ ભાટે (ખોના)-નલીયા (અમેરિકા) |
| | | મા. વિમલાબેન હેમરાજ ગોસર - બાયઠ (ઘાટકોપર-મુંબઈ) |

## સમસ્ત ધરમશી તથા લોડાયા પરિવાર

## તંત્રી સ્થાનેથી



કચ્છની આપણી મિલકતો, સંસ્કાર તથા વિશ્વાસને દર્શાવતા કદઓ જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરતા બે લેખો આ અંકમાં છે. બન્ને લેખની બાબતો કચ્છીઓને ફરી પાછા કચ્છ આવવા માટે પ્રેરણાદાયક છે.

પણ આપણે સિક્કાની બીજી બાજુ પણ જોવી જોઈએ. ગયા મહિને મેં કે.વી.ઓ.ના મેગેઝીન પગદંડીમાં શ્રી લીલાધરભાઈ ગડા (અધા)નો લેખ વાંચ્યો જેમાં તેમણે ખાણકામ, સિમેંટ ઉદ્યોગ, તાંબા ઉદ્યોગ, પાવર પ્લાન્ટ, સીમેંટ જેવા વિવિધ ઉદ્યોગોના કારણે કચ્છના જલવાયુમાં થઈ રહેલા પરિવર્તન વિશે લખ્યું છે. કચ્છનું હવામાન પ્રદુષિત થઈ રહ્યું છે. એટલે કચ્છ વધુ સમય માટે બિમાર અને વૃદ્ધો માટે હવાફેરનું સ્થળ નહીં રહે.

હું આ લેખથી ખુબ જ પ્રભાવિત થયો અને શ્રી લીલાધરભાઈ ગડા (અધા) ની મંજુરી મેળવી આ લેખને પ્ર.સ.ના તંત્રીલેખમાં સ્થાન આપ્યું છે. સર્વે વાચકોને આ લેખ વાંચવા, મનન કરવા તથા આ અંગે આગેવાનોએ પોતાના વિચારો વ્યક્ત કરવા વિનમ્ર નિવેદન છે.

**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

# હવાફેર કે હવામાં ફેર

*કચ્છ... આજથી પાંચ-છ દાયકા પહેલાનું કચ્છ હવાફેર માટે ઉત્તમ સ્થળ હતું જે આજે નથી રહ્યું. આજથી પાંચ-છ દાયકા કે તેથી અગાઉ જેઓ કચ્છમાં રહ્યા છે અથવા આજથી છ- સાત દાયકા અગાઉ જેમનું બાળપણ કચ્છમાં વીત્યું છે તેઓ કહી શકશે કે હવે કચ્છ હવાફેર માટે યોગ્ય નથી રહ્યું, કારણકે હવે હવામાં ફેર આવ્યો છે. હવા ફરી ગઈ છે. હવા પ્રદૂષિત થઈ ગઈ છે અને કદાચ એ પ્રદૂષણ વધશે.*

*વર્ષો અગાઉ, આજથી પાંચ દાયકા અગાઉ મુંબઈગરો બીમારીમાંથી ઊભો થાય એટલે એને સલાહ મળતી કે તે હવાફેર માટે કચ્છ જાય. જે પરિવારોમાં સંયુક્ત કુટુંબપ્રથા હતી તેમના સભ્યો પ્રતિવર્ષ વારાફરતી હવાફેર માટે એકાદ-બે મહિનો કચ્છ જતા હતા. આજે હવાફેર માટેનું સ્થાન દેવલાલીએ લઈ લીધું છે, પરંતુ હવે ત્યાં થોડે અંશે ભીડ થઈ જાય છે એટલે કચ્છ જેવી શાંતિ કદાચ પ્રાપ્ત ન થાય.*

*ટી.બી. (ક્ષય) જેવી બીમારીઓ જ્યારે અસાધ્ય હતી ત્યારે શુદ્ધ, સૂકી, પ્રદૂષણરહિત હવા એક પર્યાય બનતો હતો. કચ્છમાં ભુજ નજીક ભારાપર અને માંડવી નજીક મસ્કા, એમ બે સ્થળે ટી.બી.ના દરદીઓ માટે વિશિષ્ટ સેનેટોરિયમ હતાં, જેનો ભરપૂર ઉપયોગ તે સમયે થતો હતો.*

*કચ્છની આબોહવા વિષમ છે. તાપમાન ૪ ડિગ્રી શિયાળામાં અને ૪૪ ડિગ્રી ઉનાળામાં એટલે ૪૦ ડિગ્રીનો ફરક, અને એ કારણે આબોહવા સૂકી રહે છે. તે સમયે ખેતી અને પશુપાલન સિવાય અન્ય વ્યવસાય ન હતા. વાહનો ખૂબ મર્યાદિત સંખ્યામાં હતાં અને ઉદ્યોગો નહીંવત્ હતા. આને કારણે આવક ઓછી હતી, ગરીબી બહુ હતી. આજીવિકા માટે કચ્છથી સ્થળાંતર મોટા પ્રમાણમાં થયું. કચ્છથી સ્થળાંતર કરી ગયેલા લોકો ત્યાંની કમાઈ અહીં પરિવાર માટે મોકલતા એટલે કચ્છ મની-ઑર્ડર લેન્ડ તરીકે જાણીતું હતું.*

*કંડલા બંદર શરૂ થતાં કચ્છમાં ઉદ્યોગોની શરૂઆત થઈ અને સૌપ્રથમ વિકાસ પરિવહન ઉદ્યોગ (ઝફ્રિક્ષતાર્જ્ઞાૅ ઈંક્ષમીતાૅ)નો થયો. વૈશ્વિક સ્તરે ખનીજ તેલનું ઉત્પાદન વધ્યું અને તેલના કૂવા માટે જરૂરી બેન્ટોનાઈટની ઉત્તમ ક્વૉલિટીનો જથ્થો કચ્છમાં મળ્યો. તેની સાથેસાથે બોક્સાઈટ, ચાઈના ક્લે, લિગ્નાઈટ અને સિમેંટ ઉદ્યોગ માટે જરૂરી ચૂનાના પથ્થરો ઈત્યાદિ કચ્છમાં વિપુલ પ્રમાણમાં મળી આવતા ખનીજ ઉદ્યોગ પણ વિકસ્યો. ગુજરાત રાજ્યને ખનીજની રોયલ્ટીમાં થતી આવકનો ૬૫ થી ૭૦ ટકા હિસ્સો કચ્છનો છે. ખનીજ ખનનમાં પ્રદૂષણનો ફેલાવો હવામાં ઊડતી માટી, રજકણોને કારણે થયો. કચ્છના રણમાં મીઠાનો ઉદ્યોગ પણ બહુ મોટા પ્રમાણમાં વિકસ્યો અને મીઠાનું વહન રોડ રસ્તે થતાં એણે પણ પ્રદૂષણ વધારવામાં ભાગ ભજવ્યો.*

*ધરતીકંપ પછી ઔદ્યોગિકીકરણમાં હરણફાળ*

આવી. કચ્છની ઈકોનોમી ફૂલીફાલી પણ એનાથી કચ્છની નૈસર્ગિક અને નૈતિક આબોહવાને અગણિત નુકસાન થયું છે એનો અંદાજ માત્ર ભૌતિક આકલન કરનારને નહીં આવે. વિવેકશૂન્ય, અસંવેદનશીલ કોર્પોરેટ સેક્ટર કચ્છ બહારથી આવતા મજદૂરોનું શોષણ વિવિધ રીતે કરે છે. કચ્છના ઉદ્યોગોમાં ૭૦ થી ૭૫ ટકા કોન્ટ્રેક્ટ મજૂરો છે જેમને લેબર લો - મજૂર કાયદા હેઠળ મળવાપાત્ર કોઈ પણ લાભ મળતા નથી. આ મજૂરો અસ્થાયી આવાસોમાં, ઝૂંપડપટ્ટીને પાછળ રાખે એવી સ્થિતિમાં રહે છે. દાયકાઓ સુધી એક સ્થળે કામ કરવા છતાં તેને કાયમી કરવામાં આવતા નથી. મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટીને ડેવલપ કરવાની હામી ભરનાર ઉદ્યોગગૃહના કચ્છમાં કર્મચારીઓ ઝૂંપડપટ્ટીઓમાં જ રહે છે, તો એમના માટે આ ઉદ્યોગગૃહો શા માટે યોગ્ય આવાસો નથી બનાવતાં.

દાયકાઓ અગાઉ મુંબઈથી કચ્છ વાયા નવલખી કંડલા, અથવા વાયા પાલનપુર-ડીસા-આડેસર થઈ આવતા ત્યારે આડેસર અથવા કંડલા આવતાં જ શુદ્ધ હવા માણવાનો આહ્‌લાદક અનુભવ થતો. આજે લાકડિયાથી ગાંધીધામ અને ખાસ કરીને સામખિયારી પાસે સૂરજનાં દર્શન ન થાય એટલાં ધુમ્મસ અને રજકણ ફેલાયાં છે. ઔદ્યોગિકીકરણે પૂર્વ કચ્છની આબોહવા અને વાતાવરણનો ડાટ વાળ્યો છે, પરંતુ હવે દક્ષિણ અને પશ્ચિમ કચ્છમાં આવતા ઉદ્યોગો પણ પ્રદૂષણનો ફેલાવો બેરોક-ટોક કરે છે. નવા ઉદ્યાગો જે વિસ્તારમાં આવે તે વિસ્તારનાં ગામડાંની લોકસુનાવણી થાય છે. પ્રથમ તબક્કે સંપૂર્ણ વિરોધ થયો હોય તેવા ઉદ્યોગો ધીમે ધીમે ગામડાંમાં પૈસા, કામ અને કોન્ટ્રેક્ટની લાલચ અને નામ અને ખપપૂરતી સી.એસ.આર. પ્રવૃત્તિઓ વડે વિરોધને પાંગળો કરી મૂકે છે. ધીમેધીમે એક પછી એક વિરોધ કરનારાઓ કાં તો ખરીદાતા જાય છે અથવા નૈતિક રીતે ખતમ કરી દેવાય છે અને ઉદ્યોગો સ્થપાઈ જાય છે. લાખાપરની કોલ ફેક્ટરી, ભદ્રેશ્વરનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ આનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. આ બન્ને કેસમાં જાગૃત નાગરિકોએ છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી, પરંતુ સફળ ન થયા અને બંન્ને પ્લાન્ટો પ્રદૂષણ ફેલાવે છે અને કાર્યરત છે. ભદ્રેશ્વરનો પ્લાન્ટ તો આપણા સંગેમરમર જૈન દેરાસર સામે છે. આવી લડત આપનાર છેવટે એકલો પડી જાય છે અને થાકી જાય છે અથવા તો સમાધાન કરી લે છે.

કચ્છનો માંડવી તાલુકો પ્રદૂષણમુક્ત હતો, પરંતુ અહીં હવે બે મહાકાય સૌથી વધારે નુકસાનકારક ઝેરી હવા ફેલાવનાર ઉદ્યોગોનાં પગરણ થઈ ચૂક્યાં છે. માંડવીથી માત્ર ૨૨ કિલોમીટરના સીધા અંતરે ગામ બાડામાં સોડા એશ ફેક્ટરી આવે છે. પ્રારંભમાં થયેલો સજ્જડ વિરોધ ધીમેધીમે મોળો પડ્યો છે અને હવે બાડા આસપાસના ગામો સમાધાનકારક ભૂમિકા પર આવ્યાં છે. પ્રદૂષણ બોર્ડ સાવ નઠારી ભૂમિકા ભજવે છે. આસપાસનાં ગામડાંમાં સી.એસ.આર. પ્રવૃત્તિઓ કંપની તરફથી શરૂ થઈ ગઈ છે. પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગગૃહ સામેની લડતમાં બાડા ગામ એકલું પડી ગયું છે. માંડવીથી પશ્ચિમે ૨૦-૨૨ કિલોમીટરના અંતરે સોડા એશની ફેક્ટરી પર્યાવરણને કેટલું નુકસાન કરશે એનો સાચો અંદાજ પાંચ વર્ષ પછી આવશે, પરંતુ ત્યાં સુધી બધું સમેટાઈ ગયું હશે. સુપ્રીમ કોર્ટમાંથી સ્ટે મળે તો જ રોક આવશે, પરંતુ એ લડત માટે સારી રકમ જોઈએ.

માંડવીથી પૂર્વમાં માત્ર ૧૫ કિલોમીટરનાં સીધા અંતરે ત્રગડી પાસે અદાણી ગ્રુપનો કોપર પાવર પ્લાન્ટ વગર સુનાવણીએ કાર્યરત થઈ ગયો છે. કોપર પ્લાન્ટમાં કોપર સલ્ફેટ વાયુ સ્વરૂપે બહાર આવે છે, તે બહુ ઘાતક છે. જાણકારો કહે છે કે આ ગેસ, ભોપાલ ટ્રેજડીના ગેસ કરતાં ખતરનાક છે. ઉદ્યોગોની વગ કેટલી છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે. કોઈ પણ સુનાવણી વિના આ પ્લાન્ટના પ્રથમ ફેઝનું પ્રારંભિક કામ શરૂ થઈ ગયું છે.

હવે ઉદ્યોગો ગ્રીન શબ્દનો પોતાને અનુકૂળ હોય એવું અર્થઘટન કરી રસ્તો કાઢી લે છે, જેથી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે છટકબારી શોધી લે. આમ પણ પ્રદૂષણ બોર્ડ હવે નહોર અને દાંત વગરના વાઘ જેવું બની ગયું છે. એનો કોઈ પણ ઉદ્યોગને ભય નથી. પૈસા અફસરોને ખરીદી લે એ આમ વાત છે, પરંતુ સરકારે તો હવે આડકતરી રીતે આ પ્રકારની રિશ્વતને કાયદેસર બનાવી છે.

પ્રદૂષણ બોર્ડ સરકાર હસ્તક છે અને એનાં

સંચાલન માટે સરકાર નાણાંની જોગવાઈ કરે છે. પ્રદૂષણ બોર્ડના છેલ્લા બે વર્ષના વાર્ષિક અહેવાલમાં નોંધ છે કે સરકારે પ્રદૂષણ બોર્ડ માટે કોઈ બજેટ ફાળવ્યું નથી અને પ્રદૂષણ બોર્ડને ઉદ્યોગો પાસેથી સી.એસ.આર. ફંડમાંથી નાણાં અનુદાન સ્વરૂપે લેવાની છૂટ આપી છે. સરકારે આડકતરી રીતે ઉદ્યોગોને પ્રદૂષણ બોર્ડને ડોનેશનના ઓઠા નીચે લાંચ આપવાની છૂટ આપી છે. આવું માત્ર ગુજરાતમાં થાય છે. આ પ્રકારની જોગવાઈને કોઈ પડકારતું નથી. પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં સૌથી મોટા અનુદાતા હોઈ શકે. સરકારને ગુજરાત મૉડેલ વિકસાવવાનું છે. અંકલેશ્વર, વાપી પછી હવે કચ્છનો વારો છે. કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારની નક્કર લડાઈ પ્રદૂષણ સામે થઈ નથી અને થશે પણ નહીં. વિરોધ આંદોલન બને તો જ ચોક્કસ પરિણામો આવે.

તામિલનાડુના તુતીકોરીન બંદરગાહ પર વેદાન્તા કંપનીનો કોપર પ્લાન્ટ હતો. પ્રદૂષણ સામે પ્રજાએ સંગઠિત થઈ લડત આપી. આંદોલન અને કાયદો... બન્ને સ્તરે લડત આપી અને કોપર પ્લાન્ટ બંધ કરવાની ફરજ પાડી. હવે આ ઘાતકી પ્રદૂષણ ફેલાવતો કોપર પ્લાન્ટ માંડવી તાલુકામાં આવ્યો છે. માત્ર દુહાઓમાં કચ્છના ખાંખત ખમીરની વાતો થાય છે. કચ્છી માડુ આંદોલન કરી શકે નહીં. માત્ર રેલીઓ કાઢે, માંડવીના અદાણી કોપર પ્લાન્ટ અને બાડાનો જી.પી.સી.એસ. સોડા એશ પ્લાન્ટ બન્ને ગણતરીના મહિનાઓમાં કાર્યરત થઈ જશે. ઉદ્યોગો આવક રળશે અને પ્રજા પ્રદૂષણ માણશે.

માંડવી તાલુકાનાં ગામેગામ તમામ ધર્મોનાં નવાં મંદિરો, માતાજીઓનાં આસ્થા સ્થાનો, દેરાસરો, મસ્જિદો ઊભી થઈ છે. રામકથા, શિવપુરાણ કથા, ભાગવત કથા, અનુષ્ઠાનો, પ્રતિષ્ઠાઓ, ઓચ્છવો પાછળ લખલૂટ નાણાં વપરાય છે. આરોગ્યને હાનિકરક પ્રદૂષિત ઉદ્યોગો સામે એકજૂટ થઈ ક્યારેય કચ્છી માડુ આંદોલન નહીં કરે અને હવે કચ્છની હવામાં ફેર આવ્યો છે એટલે કચ્છ હવાફેર માટે નથી રહેવાનું એ નક્કી છે.




**– લીલાધર હાંસબાઈ–માણેક ગડા 'અધા'**

**મો.: ૯૮૭૯૫ ૦૬૦૫૯**



# પાલીતાણામાં આવેલ ધર્મશાળા માટે મેનેજર જોઈએ છે

પાલીતાણા મધ્યે આવેલ ધર્મશાળા માટે પીઢ મેનેજરની જરૂર છે. ફ્રી માં રહેવાની તથા જમવાની સગવડ આપવામાં આવશે. કપલ (બે જણા) હશે તો તેમને પણ કંશીડર કરવામાં આવશે. એકાઉન્ટ તથા કોમ્પ્યુટર જાણકારને કંશીડર કરવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

**મોબાઈલ નંબર**

**79001 21954**

**કોન્ટેક ટાઈમ**

9.30 to 1.00 a.m.,

4.00 to 9.00 p.m.

**જૈનભાઈને પ્રથમ તક.**



**|| શ્રી આદિનાથાય નમઃ ||**



**હલ્લો... હલ્લો... મંગલકારી મંજલ નગરી ૧૪૩ આદિ તીર્થાધિપતિનો ધ્વજારોહણ, ૧૮ અભિષેક, સત્તરભેદી પૂજન સહ મહોત્સવને માણવા...**

**દિનાંક ૦૭/૦૫/૨૦૨૫ અને ૦૮/૦૫/૨૦૨૫ને બુધ-ગુરુવારના પૂણ્ય દિવસોએ...**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે, મંજલ રેલડીયા તીર્થ વર્તમાન જિનાલયનું ૧૪૩મો ધ્વજારોહણ શિખરે લહેરાતાં નિહાળવા તેમજ દાદાની ભક્તિ કરવા પધારો... પધારો... પધારો...

વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ-૧૦, બુધવાર, તા. ૦૭/૦૫/૨૦૨૫ થી વૈશાખ સુદ-૧૧, ગુરૂવાર, તા. ૦૮/૦૫/૨૦૨૫ બે દિવાસીર। માહો૮સાવામાં ૧૮ અભિષેક પૂજન, સત્તર ભેદી પૂજા, સંધ્યા ભક્તિભાવના અને શુભ મુહૂર્તે દેવાધિદેવની શિખરે ધ્વજા વિધિકાર-સંગીતકાર શ્રી ચંદ્રકાંતભાઈ

:: ૧૪૨મી ધ્વજારોહણના લાભાર્થી પરિવાર ::

**માતુશ્રી જયાબેન ચત્રભુજ અરજણ દંડ પરિવાર**

પધારનાર સર્વે મંજલ રેલડીયા ગામવાસી, નિયાણી બહેનો, શ્રાવક-શ્રાવિકાઓના ઉતારાની વ્યવસ્થ સામૂહિકપણે મંજલ રેલડીયા, ડુમરા, રાયધણજર અતિથિભવને વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. આપના આગમનની આગોતરી જાણ શ્રી તુષાર દંડ - ૮૧૦૮૯ ૦૦૫૦૦, શ્રી રમેશ ગોસર - ૭૦૨૧૮ ૧૪૦૫૨, શ્રી ધીરજ ગોસર - ૯૮૨૦૧ ૩૭૩૪૧ તથા શ્રી સોમ ધરમશી - ૯૭૨૬૭ ૭૬૬૨૭ ઉપર ફોન કરી અથવા વોટ્સએપ દ્વારા જરૂરથી જણાવશોજી. અચલગચ્છના શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા માટે વિનંતી કરાયેલ છે.

:: નિમંત્રક ::

શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઈ.

શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ, મુંબઈ.

માતુશ્રી જયાબેન ચત્રભુજ અરજણ દંડ પરિવાર

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૧૧, તા. ૦૫-૦૪-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન



**(ભાગ : ૪૦)**



લેખક : સોમ ધરમશી
મો. : ૯૮૨૬૭ ૭૬૬૨૭


**(ગતાંકથી ચાલુ)**



શેઠ શ્રી નરશી નાથા

ગતાંકમાં તમને આપેલ વચનને યાદ રાખી આ અંકમાં પ્રાતઃસ્મરણીય શેઠશ્રી નરશી નાથા વિશે માહિતગાર કરું. (આમ તો પ્ર.સ.નાં લગભગ ૫૦થી ઉપરની ઉંમરના વાચકોને તેમના વિશે અલપ-ઝલપ માહિતી હશે જ, તે છતાં લગભગ ૭૦ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૫૪-૫૫ની આજુબાજુ મારા જીવનમાં ઘટેલ એક ઘટનાનાં આધારે તેમનું રેખાચિત્ર દોરવાનું પ્રયાસ કરવાનો છું. આ પ્રયાસમાં ક્યાંક ભુલ થઈ જાય તો પ્રથમ જ મિચ્છામિ દુક્કડમ્ માંગી લઉં છું.)

હા ૭૦ વર્ષ પૂર્વનો એ પ્રસંગ હતો. મસ્જિદ બંદર સ્થિત શ્રી અનંતનાથજીના દેરાસરના ઉપાશ્રયમાં પર્વાધિરાજ પર્યુષણ પછી મિચ્છામિ દુક્કડમ્ માંગવાનો અને આપવાનો.

યાદોના વૃંદાવનમાંથી એક ચહેરો મહોરો ઉપસી આવે છે. બેઠા ઘાટનું શરીર, સફેદ વસ્ત્રોમાં પરિધાન, ઝાકીટ અને તેમના શિર પરની વાંકી સફેદ ટોપી આજે પણ યાદ છે. કદાચ તેઓ તે વખતનાં દેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટી, મંત્રી કે અધિકારી હતા. તેમનું કચ્છમાં ગામ પરજાઉ અને ઓળખ મેપાણી હતી. તેઓ શેઠશ્રી નરશી નાથાની છબીને પૂષ્પહાર અર્પવાની ઉછામણી બોલાવતા.

ત્યારથી ડોંબીવલીનાં શ્રી ક.દ.ઓ. મંડળના વાર્ષિકોત્સવમાં, મહારાષ્ટ્ર એકમ મલકાપુરના તેમજ મુંબઈ, દેશાવરોના કાર્યક્રમોમાં શેઠશ્રીને હારતોરા અર્પણ કરી આર્શીવાદ ગ્રહણ કરી, કાર્યક્રમ શરૂ કરવાની પ્રણાલિકા ચાલુ થઈ. આવી ભાવાંજલિ તો કોઈક વિરલાને જ પ્રાપ્ત થાય.

જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની યશોગાથાથી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનો ઈતિહાસ ગૌરવાન્વિત છે. ગામડાના સામાન્ય ખેત-મજૂરનો આ બાળ પોતાની કુશાગ્ર બુદ્ધિ અને સખત પરિશ્રમ/પુરુષાર્થથી અખૂટ સંપત્તિનો માલિક બન્યો. એ ધનને જ્ઞાતિ, ગચ્છ અને શાસનની સેવામાં જોડીને એમણે ધર્મ વત્સલતા અને નિઃસ્પૃહતાનું જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. દેશદેશાવરમાં એમનાં નામથી વિધ-વિધ ઉદ્દેશોવાળી લોકોપયોગી સંસ્થાઓ સ્થપાઈ.

પોતાના જન્મસ્થાન નલિયામાં શેઠશ્રીએ શ્રી ચંદ્રપ્રભુનું અતિ મનોહર અને ધ્યાનાકર્ષક જિનાલય બંધાવ્યું. પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી મુક્તિસાગરસૂરિના ઉપદેશથી તેની પ્રતિષ્ઠા થઈ.

સોળ શિખરો અને ચૌદ રંગમંડપો આ દેરાસરને ભવ્યતા બક્ષે છે. ખૂબ જ વિશિષ્ટ ગણાતી એવી પથ્થર પર સુવર્ણકલાની કારીગીરીથી આ મંદિર વધુ સૌંદર્યમય બન્યું છે. એજ રીતે કાચનું કામ પણ મનોહારી છે. શેઠ નરશી નાથા અને એમના પત્નીની આરસની મૂર્તિઓથી મંદિરનો આગળનો ચોક જીવંત બની ઉઠ્યો છે. એના દર્શનથી એમના સુકૃત્યોની પ્રતિભા આપણને ધર્મારાધના માટે પ્રેરિત કરે છે.



ભૂતકાલિન નલીયા બસ સ્ટેન્ડના કવિ તેજ સાથેના ઘણા સંભારણાઓ છે. તે આ લેખમાં આગળ જોઈશું.

અહીંથી શ્રી શૌરભ શાહનો મિડ-ડેનો આર્ટીકલ સંગેળાઉતાર છે.

ગુજરાતી મિડ-ડે સતત અવનવું પ્રકાશન આપ સમક્ષ રજૂ કરતું રહ્યું છે. કચ્છી કૉર્નરના માધ્યમથી અમે આપ સમક્ષ ઈતિહાસના ખજાનાની પ્રભાવના કરતા રહ્યા છીએ અને આજે મૂલ્યવાન જ્ઞાતિનાં મૂલ્યોને પ્રજ્વલિત કરનાર જ્ઞાતિનાં રત્નોની જાણકારી વગર જ્ઞાતિગાથાની જાણકારી અધૂરી લાગે. આજે અમે આપ સમક્ષ એક અનમોલ જ્ઞાતિરત્નની ઝાંખી કરાવવાના છીએ. કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના દીર્ઘદષ્ટિવંત શેઠશ્રી નરશી નાથા જેમણે સમગ્ર જ્ઞાતિને અખંડ મજબૂત બનાવવા માટે અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. મહાદાનવીર એવા નરશી નાથાએ પોતાનું સંપૂર્ણ જીવન જ્ઞાતિને એકજૂથ કરી દરેક જ્ઞાતિજનને સદ્ધર બનવાના પ્રયાસો કર્યા છે.

શેઠશ્રી નરશી નાથાનો જન્મ ૧૭૮૪માં થયો હતો. આજે ૨૩૭ વર્ષ પછી પણ તેમનું નામ આદર, ગૌરવ અને અભિમાન સાથે લેવાય છે. માત્ર કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ શા માટે ? મુંબઈના ઈતિહાસમાં અને ગુજરાતીઓની તારીખમાં પણ નરશીશેઠનો ઉલ્લેખ તેજસ્વી તારલા તરીકે થાય છે. નરશી શેઠ અસામાન્ય માનવી હતા, એથી જ તેમણે સામાન્ય માણસની જેમ પરિવાર સંચાલનથી ક્યાંય આગળ જઈ જ્ઞાતિ ઉત્કર્ષનો યજ્ઞ ચલાવ્યો હતો. મૂળ તેઓ નલિયા ગામના અને જન્મ થયો નાગડા ગોત્રમાં. ૧૮૦૧માં કચ્છમાં દુકાળ પડ્યો એથી દીકરા નરશીને સાથે લઈ પિતા નાથાશેઠ મુંબઈ આવ્યા. મુંબઈમાં ત્યારે ચોખ્ખું પાણી મેળવવું અઘરું હતું. એથી પિતા-પુત્રે લોકોને ચોખ્ખું પાણી પીવડાવવાનું કામ આરંભ્યું. સદ્વ્યવહાર અને સદ્સ્વભાવથી ભાટિયા, પારસી, ખોજા, મેમણ, લોહાણા જેવી જુદી-જુદી કોમના વેપારીઓ સાથે તેમનો સંપર્ક દઢ થતો ગયો. સૌ પાસેથી વેપારની કુનેહનું પણ તલસ્પર્શી જ્ઞાન મળતું ગયું.

બ્રિટન અને અમેરિકામાંથી રૂ મળવું દુષ્કર થતાં અંગ્રેજોએ ભારતમાંથી રૂ આયાત કરવા માંડ્યું. ખાનદેશથી ગાડાં ભરી-ભરીને તો દક્ષિણ ભારતથી વહાણ ભરી-ભરીને રૂ મુંબઈ આવતું. આ કામ જટિલ હોવાથી માત્ર સાહસિકોને જ ફાવનારું હતું. નરશીશેઠે આ કામમાં ઝંપલાવીને જોતજોતામાં ઊંચી શાખ જમાવી દીધી. વેપાર વધતો ગયો એમ તેમણે જ્ઞાતિજનોના વિકાસનું કામ પણ હાથમાં લીધું. કચ્છના ગામેગામથી તેમણે દશા ઓસવાલ બંધુઓને મુંબઈ બોલાવ્યા. રહેવાની, ખાવા-પીવાની વ્યવસ્થા કરી આપી અને વેપારમાં આગળ વધવાને પ્રોત્સાહિત કર્યો. સુખ, સમૃદ્ધિ અને સંપત્તિ વધે ત્યારે જ્ઞાતિજનો માટે સમર્પિત થવાનો આવો ભાવ તો શેઠશ્રી નરશી નાથા જેવા વીરલા જ કરી શકે.

**છુપું દાન :-** પહેલાંના જમાનામાં પ્રસંગોમાં લાડુમાં ગિની નાખી આપવાની રીત આજે પણ ક્યાંક ક્યાંક ચાલુ છે. શેઠશ્રી નરશી નાથા લાડુમાં સોનાની ગિની નાખી લહાણી કરતા જેથી નબળા જ્ઞાતિજનને સહાયક બની શકાય. આમ અસંખ્ય લોકોને સધર બનાવનાર નરશી નાથાએ તેમની સંપૂર્ણ સંપત્તિ જ્ઞાતિને સમર્પિત કરી.

૧૮૪૨ની ૧૧ ડિસેમ્બરે નરશી શેઠ જિનચરણ પામ્યા. તેમનાં સેવાકાર્યોની નોંધ લઈને મહાપાલિકાએ ૧૯૬૮માં મસ્જિદ બંદરના માંડવી વિસ્તારના એક ધમધમતા માર્ગને નરશી નાથા સ્ટ્રીટ નામ આપ્યું.

**મારા મિત્ર અને માર્ગદર્શક એવા કવિ શ્રી 'તેજ' વિશે બે વાતો.**

કવિ શ્રી વિશે પ્ર.સ.ના અંકોમાં તેમજ હાલમાં નિકળેલ કોફી બુકમાં મેં એક સંપૂર્ણ લેખ કવિ ઉપર આપ્યો છે. પણ તેમના નિખાલસપણાના કેટલાક ટુચકાઓ અહીં યાદ આવે છે તે તમારી સાથે મમળાવું છું.

કવિશ્રી એક વખત કચ્છના બસ સ્ટેન્ડ પાસેથી આવતા હતા. ત્યારે તેમને 'અભલા' નામવાળો એક વ્યક્તિ મળ્યો. તેજ : ''અભલા ! કેંડા વેનેતો ? અભલો : ''મથેમેં બોરી ખંજવાળ અચેતી. હેડા, દવાઈ કરાઈ પણ અસર કરે નતી. ઈતરે મુંભઈ દવા કરાયેલા વેનાતો.

ચાર-પાંચ દિવસ પછી અભલો એસ.ટી.માંથી ઉતરતો કવિને દેખાણો. કવિ : ''અભલા ! હેવર બ-ચાર ડી પેલા મુંભઈ વેવેં. પાછો વરી આવેં.'' અભલો : ''મુંભઈમેં માડૂ મથેમેં જાત-જાતજા સુગંધી તેલ વેજેતાં ને હોડાજી ટ્રેન દોડૂં પઈ કઢેં, સે મેળે મથેજા ટોલા ઓતરી કરી બેજે મથેમે હલ્યા વ્યા.

હવે ઈલાયચી રૂપી કવિનો મુક્તક મમળાવવા માટે :

**''ખિલી ગિન મિલી ગિન, હિ મોભતજો મેડ઼ો;**
**ચેંઈ ડીએ જી જિન્ધગીમેં, 'તેજ' ચેં ખોભરો કેડ઼ો.''**

કવિશ્રી આ જીંદગી કેટલી ક્ષણભંગુર છે તે તરફ ઈસારો કરે છે.

હવે પછી આપણી સવારી કચ્છના હેરીટેજ વિલેજ એટલે કે તેરાની મુલાકાત લેશે... વધુ આવતા અંકે...

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો પાંચમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. – CA હીરાચંદ દંડ

# છાયા નિર્મલ મોમાયા

## અનોખું ક્ષેત્ર, અનોખું વ્યકિતત્વ

લાઇફ કોચ, ઇમેજ કન્સલ્ટન્ટ તરીકે તેઓ એ સમયથી પ્રવૃત્ત છે જ્યારે બહુ ઓછા લોકોને એનાં મહત્ત્વની ખબર હતી. એમના જેટલી મોટી નામના કે સિદ્ધિ આ ક્ષેત્રમાં બહુ ઓછા લોકોને મળી છે. નખશિખ ભારતીયતા અને સંસ્કૃતિનું સન્માન કરતાં એમની પાસેથી શીખવા જેવું છે



## વ્યક્તિત્વ

અમુક જ્ઞાતિજનોની કાર્યસિદ્ધિ પોરસ ચડાવે એવી છે. છાયા નિર્મલ મોમાયા એવાં જ્ઞાતિજન છે. તેઓ લાઇફ કોચ, ગ્રૂમિંગ અને ઇમેજ કન્સલ્ટન્ટ છે. સ્ટાઇલ, લક્ઝરી, સોફિસ્ટિકેશનનો એમના જેવો સંગમ જવલ્લે જોવા મળે. અગણિત સેલિબ્રિટીઝનાં વ્યક્તિત્વ એમના મેજિકલ ટચથી ખીલે છે. જાણીએ એમને.

૧૫ જુલાઈએ જન્મેલાં છાયાબહેનનાં માતાપિતા રતનબહેન અને શાંતિલાલ છેડા. વતન સાંયરા. ભાઈ સ્વ. હરીન. છેડા પરિવારનું બેકગ્રાઉન્ડ રોચક છે. છાયાબહેન કહે છે, ''મારો જન્મ મુંબઈમાં પણ પહેલાઊં પાંચેક વરસ ઊછરી બર્મા (હવે મ્યાનમાર) ના શહેર અક્યાબ (હવે સિત્ત્વે)માં. ત્યાં દાદા વિસનજીના શિપિંગ યાર્ડ્સ અને રાઇસ મિલ્સ હતી. અમારા ઘરે અગ્રણી લોકોની આવજા રહેતી. રાજદૂતો પણ આવતા. દાદાની સ્ટાઇલિશ હતા. એમનામાં શ્રીમંતાઈ સાથે સભ્યતા અને શિષ્ટાચાર હતાં.'' વિસનજીનું વ્યક્તિત્વ ચુંબકીય હતું. ઘર સદવ્યવહાર અને સૌજન્યશીલતાથી છલકતું હતું. બાળ છાયાને એથી ઉત્તમ રીતભાત, વર્તન, વાક્છટા, વિચારધારા, ફેશન ગળથૂથીમાં મળ્યાં. માબાપ પણ આધુનિક વિચારોવાળાં, પરંપરા અને સંસ્કૃતિને અનુસરનારાં. એ દિવસોથી જ છાયાબહેન ગુણવત્તાને પ્રાધાન્ય આપતાં શીખી ગયાં. ''ચારેક વરસની હતી ત્યારે મને નૃત્ય શીખવવા ટીચર આવ્યા. એમના ચહેરે થોડા ખીલ જોઈને મેં કહ્યું કે એમની પાસેથી ડાન્સ નહીં શીખું. મને મનમાં હતું કે કોઈનુંય વ્યક્તિત્વ જાદુઈ હોવું જોઈએ.''

ભારતના ભાગલા પછી પરિવાર સ્વદેશ આવ્યો. પિતાએ નવો ઉદ્યોગ શરૂ કર્યો. સાથે, માતાપિતા જનસંઘમાં જોડાયાં. પિતા લાયન્સ ક્લબના પ્રેસિડન્ટ હતા. અટલબિહારી બાજપાયી, લાલકૃષ્ણ અડવાણી સહિત મહાનુભાવો ઘરે આવતા. છાયાએ શાળાકીય અભ્યાસ ગ્વાલિયર ગર્લ્સ હાઈસ્કૂલ, જમનાબાઈ નરસી સ્કૂલ અને લેડી વિસનજી સ્કૂલમાંથી કર્યો. મીઠીબાઈ કોલેજથી સાયકોલોજી સાથે બી. એ. કર્યું.

સ્ટાઇલિંગ અને ગ્રૂમિંગમાં છાયાબહેનના પ્રવેશના પ્રેરક પ્રસંગો છે. છાયાબહેન પાંચેક વરસનાં હતાં ત્યારની વાત, ''હું વર્ણે શ્યામલ. મારી કાઠી પાતળી મિત્રો મને, 'કાલી છાયા,' 'પતલી છાયા' મ્હેણાં મારે. મેં પડકાર ઝીલતાં વિચાર્યું, મારે વ્યક્તિત્વમાં એવા ફેરફાર લાવવાની જરૂર છે જેનાથી સૌ દંગ રહી જાય.'' એક ઘટના તેઓ પાંચમા ધોરણમાં હતાં ત્યારની, ''બિલ્કિસ લતીફ જાણીતાં લેખિકા અને સમાજસેવિકા હતાં. તેઓ ઝૂંપડપટ્ટીવાસીઓની સેવા કરતાં. એકવાર તેઓ ધારાવી આવ્યાં. પીળી સાડીમાં શોભતાં એમના વ્યક્તિત્વને જોઈને હું અંજાઈ ગઈ. એવું લાલિત્ય કે ના પૂછો વાત.'' વરસો પછી બિલ્કિસ લતીફ છાયાબહેનના વ્યક્તિત્વનાં પ્રશંસક થયાં. 'યુ એન્ડ આઈ' નામના મેગેઝિનનાં તંત્રી તરીકે એમણે છાયાબહેનને આલિયા ભટ્ટ અને એન્જાલિના જોલી સાથે મેગેઝિનના કવર પર સ્થાન આપ્યું. બિલ્કિસને મળતાં છાયાબહેનની આંખો હર્ષનાં આંસુથી છલકી ઊઠી હતી.

નસીબ ધારત તો તેઓ અભિનેત્રી પણ બનત. પરિવારનો ફિલ્મી, રાજકીય હસ્તીઓ સાથે ઘરોબો હતો. છાયાબહેનને ફિલ્મોની ઘણી ઓફર્સ મળી પણ, ''એ વાતે પપ્પા જરા જૂનવાણી,'' સસ્મિત તેઓ કહે છે, ''પપ્પા નહોતા ઇચ્છતા કે હું અભિનેત્રી બનું. મારી મહત્ત્વાકાંક્ષા હતી પોતાની ઓળખ અને આવક ઊભી કરું.'' ત્યારે મમ્મી વહારે આવ્યાં. એમણે દીકરીને આયુર્વેદિક સૌંદર્ય ઉત્પાદનો બનાવવા પ્રેરી. એક મહિલા ગ્રાહકે છાયાબહેનને વિનંતી કરી કે મારી દીકરી માટે ખાસ પ્રોડક્ટ બનાવો. છાયાબહેને કહ્યું દીકરીને મળું પછી જોઉં. મળ્યા પછી ગ્રાહકને કહ્યું, ''આની પર્સનાલિટીને ખાસ ટચ આપવાની જરૂર છે. હું કરી આપું પણ ફી રૂ. ૩૫૦ થશે.'' ગ્રાહકે હા પાડી. એમ, સાત રૂપિયાની પ્રોડક્ટથી પચાસગણી આવક રળી આપતી દુનિયામાં એમનો પ્રવેશ થયો.

સમાજશ્રેષ્ઠીઓ સાથે સંબંધ હતા જ. પર્સનાલિટી ખીલવવાના મામલે એમની હથોટી બેસવા માંડી. છાયાબહેન બહુ જલદી લાઇમલાઇટમાં આવી ગયાં. મહાનુભાવો પાસેથી ઘણું શીખતાં પણ રહ્યાં. એકવાર

જયપુરના રાજવી પરિવારનાં રાજમાતા ગાયત્રીદેવી પ્રેરણાસ્ત્રોત બન્યાં, ''રાજમાતા મુંબઈ હતાં. મને એમને મળવાની તક મળી. રાજવી ઘરાનાની વ્યક્તિ સાથે કેમ વર્તવું એની મને ઉછેરથી, કામથી, અને ગ્વાલિયરમાં ભણી હોવાથી ખબર હતી. મારાથી તેઓ બેહદ પ્રભાવિત થયાં. પછી તો અમારો કાયમી ઘરોબો થયો.''

દેશ-વિદેશમાં છાયાબહેનની તોલે આવે એવા સ્ટાઇલિંગ પ્રોફેશનલ્સ જૂજ છે. વિશ્વભરના દરેક દરેક ક્ષેત્રના અગ્રણીઓ એમની સેવા લે છે. તેઓ સતત પ્રવાસમાં રહે છે. છાયાબહેન તક મળ્યે પોતાના ક્ષેત્રમાં સેવા પણ કરે છે. મુંબઈના રેડ લાઇટ એરિયામાં દીકરીઓને સ્વચ્છતા, વાતચીતની, ઇન્ટરવ્યુની કળાની તાલીમ આપી છે. તેઓ કહે છે, ''સૌને આશાસ્પદ શરૂઆત કરવાનો અધિકાર છે. મને બહુ ગમે કોઈકને મદદરૂપ થવું.''

વરસો પહેલાંનો આ કિસ્સો એક રેડિયો મુલાકાતનો છે. એમાં લાઇવ પ્રશ્નોત્તરીમાં ગામની એક શ્રોતાએ પૂછ્યું, ''ભાઈબીજે ભાઈની આગતાસ્વાગતા માટે શું કરું?'' છાયાબહેને કહ્યું, ''ઘરને છાણથી લીંપ, નાળિયેરીનાં પાનથી દ્વાર સજાવ, તેલના દીવા કર, પરંપરાગત ભોજન રાંધ. પછી જો.'' થોડા સમય પછી શ્રોતા સાથે છાયાબહેનનો ફરી વાત કરવાનો સંયોગ થયો. પેલી રોમાંચિત થઈને કહે, ''દીદી, તમે તો જાદુ કર્યું. ભાઈ એવો ખુશ થયો હતો કે મને પાંચ રૂપિયા બોણી આપી!'' છાયાબહેન ઉમેરે છે, ''સ્ટાઇલનો ઇજારો ખર્ચ કે વિદેશી ચીજો પાસે નથી. આપણી સંસ્કૃતિ અને રહેણીકરણીમાં એના અનેક રંગ છે. બસ, પારખતા આવડવા જોઈએ.''

૧૯૮૮માં એમનાં લગ્ન લીલુબહેન અને વિનોદ મોમાયાના દીકરા નિર્મલ સાથે થયાં, ''હું નિર્મલને ટીના અંબાણી થકી મળી. મારે જોકે કચ્છી સાથે લગ્ન નહોતાં કરવાં અને જુઓ, છેલ્લે કચ્છી જીવનસાથી મળ્યો. આજે નિર્મલ મારી સૌથી મોટી તાકાત, પ્રેરણા છે. હું ચાહીશ કે આવતા સો જન્મ સુધી નિર્મલ મારા લાઇફ પાર્ટનર હોય.'' નિર્મલભાઈ ફાઇન કેમિકલ્સના ઉદ્યોગની વૈશ્વિક કંપનીના ડિરેક્ટર છે. દીકરો ધીર સફળ ફિલ્મમેકર છે. એની કંપની જુગાડ મોશન પિક્ચર્સે ભારતની ઓસ્કાર એન્ટ્રી, પેન નલીન દિગ્દર્શિત, 'ધ લાસ્ટ શો' (છેલ્લો શો) સહિતની ફિલ્મોનું નિર્માણ કર્યું છે. કંપનીના નેજા હેઠળ ટોરન્ટ ગ્રુપના સ્થાપક યુ. એન. મહેતાની બાયોપિક પણ રિલીઝ થશે. પછી હાર્દિક પંડ્યા, રવિ શાસ્ત્રીની બાયોપિક અને અન્ય સિતારાઓની બાયોપિક છે.

સંસ્કૃતિના જતનના મામલે તેઓ સચેત છે. ૨૦૧૪માં ફ્રાન્સનાં તત્કાલીન અને પ્રથમ મહિલા પ્રેસિડન્ટ વેલેરી ત્રિઆવેલર ભારત આવવાનાં હતાં. કુપોષણ સામેના અભિયાન માટે તેઓ નીતા અંબાણીને મળવા ઇચ્છતાં હતાં, જે નિર્મલભાઈની ભલામણથી શક્ય થયું. નીતાબહેને વેલેરીના માનમાં ડિનર સમારોહ યોજ્યો. છાયાબહેને યોજ્યો લન્ચ સમારોહ. ઓબેરોય હોટેલ્સમાં અસલ શાકાહારી મરાઠી ભોજન હતું. વેલેરી, એમના અધિકારીઓ સાથે આવ્યાં. દેશના વિવિધ ક્ષેત્રની સર્વોચ્ચ મહિલાઓ મહેમાન હતી. વેલેરીના ઓફિશિયલે સૌના પાસપોર્ટ્સ માગ્યા. એ સાંભળી છાયાબહેને કહી દીધું, ''નોટ પોસિબલ. તમે મહેમાન છો. મારા દેશમાં છો. હાજર દરેક જણ આદરણીય છે. ચાહો તો લન્ચ કેન્સલ કરો પણ કોઈનો પાસપોર્ટ નહીં મળે.'' સોપો પડી ગયો. જોકે છેવટે ઓફિશિયલે નમતું જોખ્યું. સમારોહ પ્રેમથી થયો. પછી તો વેલેરી સાથે કાયમી આત્મીયતા થઈ. એ કિસ્સા વિશે છાયાબહેન કહે છે, ''ફ્રાન્સમાં સમારોહ હોત અને ત્યાં મહેમાનોનું આવું અપમાન થાત તો યજમાન તરીકે સાંખી લેત? મહેમાન થઈને મારા દેશમાં મારી ઓળખનો પુરાવો માગો એ ના ચાલે.''

શુદ્ધ શાકાહારી ખાણીપીણી અને પ્રવાસનાં શોખીન છાયાબહેનને લોકો સાથે કનેક્ટ થવું ગમે છે. તેઓ અદા સાથે ઉત્તમતા અને સરળતા સાથે સ્ટાઇલનો સંગમ કરી જાણે છે. કચ્છ શક્તિ નારીરત્ન એવોર્ડ, એશિયા રિટેલ કોંગ્રેસનો વુમન સુપર અચીવર એવોર્ડ, ગ્લોબલ યુથ માર્કેટિંગ ફોરમનો યુથ અચીવર એવોર્ડ, કેલ્વિનેટર જીઆરબી વિમેન એવોર્ડ સહિતના ઘણા એવોર્ડ તેઓને મળ્યા છે. ફેમિના મિસ ઇન્ડિયાની નિષ્ણાતોની પેનલનો હિસ્સો

રહી ચૂક્યાં છે. એમના ક્લાયટન્સમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝથી આઈસીઆઈસીઆઈ, ઇન્ડિયન એરલાઇન્સથી ક્રિમાયા, જે. ડબલ્યુ મેરિયટથી ફિક્કી પણ છે. વિદેશી ક્લાયન્ટ્સ પણ અનેકઃ યુલીસીસ નાર્ડિન વોચીસ, ક્રિસ્ટિયન ડાય (મેક-અપ), હમર પરફ્યુમ, હ્યુગો બોસ. વાયએસએલ પરફ્યુમ... પ્રતિષ્ઠિત પ્રકાશનોમાં તેઓ નિયમિત કટાર લખે છે. તેઓની કારકિર્દી પૂર્ણ કળાએ ખીલ્યા ચંદ્ર જેવી છે. એની ચાંદનીમાં ભીંજાઈ રહી છે અનેક પર્સનાલિટીઝ.

## વિચારસત્ત્વ

જીવનનો અભિગમ ગ્લોબલ રાખીએ પણ સંસ્કાર ભારતીય હોય એ છાયાબહેનની ફિલસૂફી છે. એમના મોબાઇલમાં પરિવારજનોના નંબર સાથે ભગવાનની છબિ છે. દિવસમાં ત્રણ વખત ઉવસગ્ગહરં સ્ત્રોતનું અચૂક પઠન કરે છે. કર્મચારીઓને પણ સ્વજનની જેમ સાચવે છે, ''જીવનની બધે સકારાત્મકતા હોય તો સુખના અલગ સ્તરનો અનુભવ થાય. નકારાત્મકતા શાને જોઈએ? સારા વાઇબ્રેશન્સથી વિચાર, વર્તન, વાતચીત, નિર્ણય બધું સારું થાય. અમારા ઘરમાં કોઈ ક્યારેય ખોટું બાલતું નથી. આપણે પોતે એવા વ્યક્તિત્વ અને ફેમિલીનું સર્જન કરવું પડે જેના પર કોઈ આંગળી ચીંધે નહીં.''

યુવાનો વિશે તેઓ કહે છે, ''ગ્લોબલ થવાના નામે કલ્ચરને છોડો નહીં. આપણે એને નહીં સાચવીએ તો કોણ સાચવશે ? એ નહીં ભૂલવું કે દુનિયામાં સંસ્કાર અને અદબનો જન્મ ભારતમાં થયો છે. માબાપને, વડીલોને માન આપો, પરિવારની કદર કરો, સંસ્કારનું જતન કરો. આટલું થયું તો જીવન સાર્થક છે.''

ચર્ચામાં એક મુદ્દો નીકળે છે ખર્ચાળ, ભપકાદાર લગ્નનો. એમનું મંતવ્ય સરસ છે, ''મારા મતે ભવ્ય લગ્નો થવાં જ જોઈએ. એનાથી સંસ્કૃતિના જતનની, હળવાભળવાની તક મળે છે, કેટલાયનાં ઘર નભે છે. બસ, ભોજનનો બગાડ ના થાય. દરેક લગ્ન પહેલાં આપણે કોઈક સંસ્થા સાથે કોન્ટેક્ટ કરી લેવો જોઈએ જે વધેલા ભોજનથી કોઈક ભૂખ્યાની આંતરડી ઠારે.''

અને હા, ગુણવત્તાને ઈશ્વર અને શક્તિ ગણતાં તેઓ કહે છે, ''ચોખ્ખું ઝૂંપડું મને ઘર તરીકે મંજૂર પણ ગંદો મહેલ નામંજૂર છે. સિમ્પલ.''

## સેવાવિશ્વ

છાયાબહેન પરોપકારથી દૂર નથી જ. એમની મનગમતી સેવા છે લોકોની ક્ષુધા સંતોષવી, ''ભરેલા પેટથી મોટું સુખ કોઈ નથી. મને લોકોને ભોજન કરાવવું ગમે છે. હું છાશવારે મારા વિસ્તારમાં બને એટલા લોકોને જમાડું છું. મનગમતાં ભોજન સૌનો અધિકાર છે. જેમ હું ભોજન માણી શકું છું એમ બીજાને માણતા જોઉં ત્યારે અનોખી તૃપ્તિ થાય છે.''

જ્ઞાતિમાં બહુ સક્રિય નહીં થવા વિશે કારણ આપતાં તેઓ કહે છે, ''બાળપણથી મારી દુનિયા, સર્કલ અલગ છે. મને અવસર નથી મળ્યો કે જ્ઞાતિમાં એકરસ થાઉં. હા, જ્ઞાતિની અને કચ્છી છોકરીઓના પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે રિક્વેસ્ટ આવે ત્યારે એમને પાયાની તાલીમ વિનામૂલ્યે આપું છે.'' ઘરમંદિરમાં તેઓ નિત્ય પૂજા કરે છે. શહાપુર દેરાસરે તેઓ નિયમિત સપરિવાર દર્શને જાય છે. છાયાબહેન કહે છે, ''હાલમાં જ મારા દીકરાનો જૂનો ડ્રાઇવર હોસ્પિટલમાં હતો. એની સારવાર કરાવવા સાથે ધીર હોસ્પિટલમાં કલાકો એમની સાથે રહ્યો. દીકરો આ રીતે સંબંધોનું મૂલ્ય સમજે ત્યારે ખુશી થાય છે.''

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

પોતે ભલે પ્રકાશ સમીક્ષા ખાસ વાંચ્યું નથી પણ છાયાબહેન એનાથી સુપરિચિત અને પ્રભાવિત છે, ''નાનપણથી મમ્મી, સાસુ-સસરા પાસેથી પ્રકાશ સમીક્ષા વિશે સાંભળ્યું છે. એનાથી જ્ઞાતિમાં માહિતીનું આદાનપ્રદાન થાય છે.'' કચ્છી દશા ઓશવાલો માટે આ પ્રકાશન સંબંધોની લાઇફલાઇન છે એમ કહેતાં તેઓ ઉમેરે છે, ''પ્રકાશ સમીક્ષા તો કચ્છનું હૃદય છે. એને ઘણી પેઢીઓએ માણ્યું છે અને આગળ પણ માણશે.''

# કચ્છને કાશ્મીર બનતા રોકો...

આ કળયુગ છે.. માવતર કોઈ દિવસ કમાવતર નથી થતાં પણ ઓલાદ સમય મુજબ બદલાઈ જાય છે. કળિયુગનો પ્રભાવ..એટલે વિચારોમાં ધરમૂળથી પરિવર્તન.

કચ્છની આ તપોભૂમિ..આજે જેટલા પણ કચ્છની પવિત્ર ભુમીનો ત્યાગ કરીને બહારગામ વસવાટ કરે છે. એમના માટે આજે પણ કચ્છ એટલે પોતાનું વતન.

વરસમાં વ્યક્તિ એક વાર કચ્છ જાય ત્યારે સમજી જવાનું..માતાની યાદ આવી છે. બે વખત જાય ત્યારે સમજી જવાનું બાધા માનતા માટે જાય છે પણ જો વ્યક્તિ વારંવાર જાય છે તો એક વાત લખી રાખજો..સમજવાની જરૂર નથી. એ કાં જમીનો લેવા માટે જાય છે અથવા વેચવા માટે.

આજે કદાચ મુંબઈમાં ઘણા લોકોએ પોતાના ઘર અને દુકાનો લીધી હશે તો ક્યાંય કચ્છની જમીનો વેચી હશે. એટલે હું લખું છું માતા પિતા અને વડીલો જીવનમાં અંત સમયે પણ પોતાના સંતાનોનું ભલું ઇચ્છે છે..માવતર કોઈ દિવસ કમાવતર નથી થતાં.

આજે જે વડીલોએ પોતાના વાડા, ખરા, ખેતર અને વાડી, બંગલા આપણા માટે મૂકી ગયા છે એ આ વાતની સાબિતી છે.

છોકરાઓને મુંબઈ મોકલ્યા..પોતે કચ્છમાં કારમી ગરીબીમાં મજૂરી કરીને પણ ત્યાં અથડાતાં ફૂટાતાં ગરીબીમાં દિવસ પસાર કરી રહ્યા હતા. કચ્છમાં અછત હતી પણ મુંબઈથી દીકરો ફોન કરે તો એટલું જ કહે અમારી ચીંતા નહિ કર ત્યાં તારા કામમાં ધ્યાન આપજે બેટા.. અમારી આશા તું છે.

દીકરો પૈસા મોકલે ને સાહેબ..બા પોતાના ફાટેલાં સાડલામાં બાંધીને કોઠારામાં મૂકી દે. કોઈને ન આપે. જ્યારે દીકરો મળવા આવે ત્યારે એ રૂપિયા અને ગામમાંથી સાચું ઘી ખરીદીને એને વળતર આપે. સાહેબ આ મા અને બાપ વખત નબળો હોય તો મજૂરી કરી લે. મા-બાપ છોકરાને ખબર પડવા ન દે સાહેબ. આ કચ્છનું પાણી.

આંખ ભીંજાઈ જાય. આ વડીલોની દશા ઘરમાં ફોટા ભગવાનના ઓછા, પુત્ર વહુ અને એમના સંતાનોના વધુ દેખાય. મા અને બાપ રડતા જાય અને ફોટા ઉપર હાથ ફેરવતા જાય મીઠી આપતા જાય. પણ કોઈ દિવસ પોતાની તકલીફો કહે નહિં.

દીકરા વહુ મળવા આવે એ પહેલાં માથે કરજો કરીને પણ ઘરમાં નવી વસ્તુ વસાવી રાખે એમને તકલીફ ન થાય. જાય ત્યારે ધ્રુસકે ધ્રુસકે રડવા માંડે અને જેટલું લાવ્યા હોય એનાથી બમણું પાછુ આપે. બાજરાનો રોટલો અને મરચાની ચટણી અને છાશ સાથે જમી આખું વર્ષ કાઢે. માખણનું ઘી બનાવી સંતાનો માટે ભેગું કરે એ આ માવતર.

આ વડીલો પોતાની સાથે કંઈજ નથી લઈ ગયા. આખું કચ્છ મૂકી ગયા છે. આજે એજ કચ્છની દશા જુઓ. તિથિ અને તહેવાર ઉપર માણસો દેખાય છે. બાકી કચ્છ ભૂમિ સ્મશાન જેવી દેખાય છે. ગામડાં વેરાન થઈ ગયા, ખંડેર બની ગયું છે કચ્છ.

આજે દરેકને પિતૃ દોષ દેખાય છે. એનો અર્થ પિતૃ નારાજ છે. પિતૃઓ એટલે આપણા વડીલો-પૂર્વજો. એ




ક્યારે દુઃખી થાય?એમનો આત્મા કચ્છમાં છે અને એમના ખેતરો અને જમીનો ઉપર આજે કોઈનું ધ્યાન નથી. મુંબઈની માયા એટલી લાગી ગઈ છે કે કચ્છ નામશેષ થઈ ગયું. જે વડીલોએ કચ્છને ઊભો કરવા માટે મુંબઈને ઊભી કરી, એજ માયા નગરીએ કચ્છને ભરખી લીધું. આ પરમ સત્ય છે.

અમૂક ગામડાંને બાદ કરતા લગભગ દરેક જગ્યાએ એજ હાલ છે. આનું કારણ.. કચ્છ ઉપર કોઈ ધ્યાન આપતું નથી કોઈ ને રસ નથી. આજે કચ્છની ભૂમી એટલે ભાવ આવે તો વેચીને રૂપિયા ઊભા કરવા. આજ ભાવના.

કોઈને ત્યાં કાયમી સ્થાઈ નથી થવું. બધાને મુંબઈ નગરીનો મોહ છે. અને પાક્કી ખાતરી છે ત્યાં કોઈ રહેવા નહિં જાય. આવા વિચારો છે તો વિકાસ કઈ રીતે થાય? સરકાર પણ મદદ કરવાની ના પાડી દે. એક ગામમાં ચાર પાંચ ઘર માટે કોઈ વ્યવસ્થામાં સરકારને રસ નથી. એજ જગ્યાએ ચારથી પાંચ હજાર લોકો જાય તો દરેક વાતની સુવિધા સરકાર આપે. સમાજ આપે.

પણ કોઈ રહેવા તૈયાર નથી. આખું ગામ ખાલી પડ્યું હોય તો કોઈ પણ વ્યક્તિ કોઈ પણ જગ્યાનો ઉપયોગ કરી શકે છે. આજે મોટા ભાગની જમીનો ચૂપચાપ બીજાના નામથી વેચાઈ જાય છે. એનું કારણ આવી જમીનો જેની છે એ લોકો કોઈ દિવસ ધ્યાન આપતાં નથી. સરકારી ખાતામાં લઘુમતી કોમની વ્યક્તીઓનું પ્રભુત્વ વધતું જાય છે એટલે ખોટા કાગળિયા બનાવીને આ જમીનો ઉપર કબજો કરી લેવાય છે.

(આ વાતો તો ઘણાંએ અનુભવી છે.)

એવા ઘણા કિસ્સા બહાર આવી રહ્યા છે. પોતાની જમીનો બચાવી લેવા માટે લોકો હવે સતર્ક થઈ ગયા છે. છતાં પણ પરિસ્થિતિ  હવે બગડતી જાય છે. ત્યાં મુખ્ય તો લઘુમતી કોમના લોકોનું વર્ચસ્વ વધી રહ્યું છે. સરકારી યોજનાઓ અને બીજા લાભો આ લોકો આપણાથી વધુ લઈ રહ્યા છે. આજે ગામોમાં વોટિંગ એમનું વધુ છે.એટલે સરપંચ અને બીજા પદો, તલાટી વગેરે એમના વધુ જોવા મળશે. આપણા ઘણા આગેવાનો કચ્છમાં થતી સ્થિતિ અને બદલાતો વિસતાર અને બીજા અનેક પ્રશ્નો માટે સમાજમાં જાગૃતિ લાવવા માટે પ્રયત્ન કરે છે પણ કોઈ રસ લેતું નથી.

કચ્છ હવે પિકનિક પોઈન્ટ બની ગયું છે. નવરાત્રીમાં અને તિથિમાં ત્યાં લોકો દેખાય છે. બાકી તો રિટર્ન ટિકિટ ન મળે તો માણસો જતાં પણ નથી. આ પરમ સત્ય છે.

આગળનો સમય ખુબ ખરાબ દેખાય છે. કારણ આજુબાજુની સરહદ પરના ગામો ખાલી થઈ ગયા છે. ત્યાં લઘુમતી કોમના લોકો ની વસ્તીઓ ફૂલી ફાલી રહી છે. બધાજ આંખ આડા કાન કરી બેઠા છે. ગામડાંઓ હાલમાં ખાલી નથી થયા, ધીમે ધીમે થયા છે. આપણા વડીલોના મોઢેથી એક વાત અચૂક નીકળે છે. ''કચ્છ ફટાય આયાંશી ' આને કહેવાય વેરા ડાકણ કહેવાય.

હવે આ બધીજ સ્થિતિ સ્ફોટક બની ગઈ છે. એનો ઉપાય ઘણાં વડીલોએ સૂચવ્યો છે. આજે દરેક ગામના મુખ્ય લોકોએ એકજૂટ થવાની જરૂર છે. પ્રથમ તો ત્યાં દરેક ગામમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવે. ઘણાં ગામોમાં થઈ પણ ગઈ છે. એટલે કચ્છમાં જાઓ ત્યારે કોઈ જાતની તકલીફો ન થાય. રહેવા માટે તો ઉતમ વ્યવસ્થા છે જ. મોટાં મોટાં બંગલા અને મહાજનવાડીઓ.

હવે લોકોએ જાગ્રુત થવાની જરૂર છે જો કચ્છ માટે સાચો પ્રેમ હોય તો. કચ્છમાં વરસાદ પડે ને મુંબઈમાં પેંડા વહેંચવા એ કચ્છ માટે સાચો પ્રેમ ન કહેવાય. સાચો પ્રેમ ત્યાંની જમીનો અને ગામડાંઓને બચાવી લેવાથી થશે. આજે ત્યાં ગેરકાયદે દબાણ વધતાં જાય છે. કોઈ વિરોધ કરવાવાળું નથી. કચ્છ કાશ્મીર બનતું જાય છે.

એટલે પ્રથમ સમાજ જાગૃત થાય. જાગો નહિતર પસ્તાશો. બધાજ ગામોની મીટીંગ બોલાવો. બધા ગામોના મુખ્ય લોકો સાથે ચર્ચા કરો. બધાજ ગામો પોતપોતાની રીતે સમાજની મદદથી ત્યાં બધીજ જરૂરી વ્યવસ્થા ઉભી કરો. ત્યાં આપણા વડીલોને રહેવા માટે, એમની આરોગ્યની સંભાળ માટે અને બીજી અનેક બાબતો ઉપર ધ્યાન રાખવા માટે હવે એક આખો વિભાગ ઉભો કરવાની જરૂર છે.

આપણા સમાજમાં બધીજ રીતે સંતોની કૃપા દૃષ્ટિ છે. એટલે પ્રથમ કચ્છમાં ધ્યાન આપવાની જરૂર છે. ત્યાં વસ્તી વધારવાની જરૂર છે. ત્યાં વસતી ત્યારે જ વધે જ્યારે સુવિધાઓ મળશે. પ્રથમ ત્યાં ભોજનાલયો ની વ્યવસ્થા ઊભી કરો. વડીલો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે. માવતર છે, એજ કામ આવશે.

**સંકલન : સીએ નીતા પદમશી ધરમશી સુથરી (થાણા)**


**JOB VACANCY- Post** 1) Accountant 2) Office Assistant For Real Estate Firm. Eligibility: Graduate. Computer Knowledge. 2/4 Wheeler Driving. **Location: Antop Hill, Wadala East .**

**Contact no. : 83691 64934, Time 10 to 7.**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Full પૈસા વસુલ Offer**

**જો આયેગા વો પાયેગા**

**નહીં આયેગા વો પછતાયેગા**

- હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- Party Wear Saree.
- રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
- દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

# મુંબઈમાં વસતા આપણા ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો માટેની રહેઠાણ યોજના બાબત અમારો અભિપ્રાય

શ્રી અનંતનાથ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના પદાધિકારીઓ જોગ,

તાજેતરમાંજ મહાજનના નવા પદાધિકારીઓની નવી ટીમની નિમણુંક થઇ અને સાથેજ શ્રી અનંતનાથ ચેરીટેબલ ટ્રસ્ટના જુના પદાધિકારીઓ નવા સત્ર માટે કાયમ રહ્યા. સૌને અમારા અભિનંદન.




સહુ પદાધિકારીઓનું આ સાથે આપણી જ્ઞાતિની સળગતી સમસ્યા બાબત ધ્યાન દોરી રહ્યો છું. આશા છે કે આ બાબતને ગંભીરતાથી વિચારણા કરી અમલમાં લાવી શકાય તો ખરેખર એક ઉત્તમ કાર્ય કર્યું ગણાશે. ઓછી આવક ધરાવતા આપણા પોતાના જ્ઞાતિજનો માટે પોતાનું ઘર હોવું એ સ્વપ્ન સમાન છે ત્યારે એમનું સપનું સાકાર થઇ શકે તેવી યોજના શક્ય થઇ શકે તેમ છે જે બાબત અમારા વિચારો અત્રે રજુ કર્યા છે :

આપણી પાસે અનંતછાયા પ્રકલ્પના નવનિર્માણ વખતનું ૪૦ કરોડનું ભંડોળ છે. એને જ આ રહેઠાણ યોજના માટે વાપરવાનો છે. હમણાં ફિક્સ ડિપોઝીટ ઉપરનું મિનિમમ વ્યાજ દર ગણીએ તો ૭% જેવું તો જરૂર ઉપજે. જેના હિસાબે દર વર્ષનું વ્યાજ ૨.૮૦ કરોડ આવે જેમાંથી ૫૦% જેટલું વ્યાજ એટલે કે ૧.૪૦ કરોડ રૂપિયા આ યોજના માટે વાપરી શકાય અને મૂળ રકમ તો મહાજન પાસે જેમ છે તેમ જ રહે.

દર વર્ષે આપણા ૧૫ થી ૧૮ જ્ઞાતિ કુટુંબોને પ્રત્યેક કુટુંબને રૂપિયા ૧૦ લાખ મહાજન તરફથી આપી એમને પોતાની રીતે ડોંબિવલી, ટિટવાલા કે અંબરનાથ જેવા સ્થળે રહેઠાણ અપાવી શકાય જ્યાં આજે પણ ૬૦૦૦ થી ૮૦૦૦ સ્કે.ફૂટના ભાવે પોતાની માલિકીના વન રૂમ કિચનના ફ્લેટ અંદાજે ૩૫૦ સ્કે. ફૂટના, જે ૨૦ થી ૨૫ લાખમાં મળી શકે છે. એમાંથી બાકી રહેતી લગભગ ૧૨ થી ૧૫ લાખની રકમની બેન્ક લોન કરાવી એના હપ્તા ૬ થી ૮ હજાર ભરી પોતાની માલિકીનો ફ્લેટ થઇ શકે. લોનના હપ્તા એમણે પોતે ભરવાના રહે તેમજ શરત એટલીજ કે ૧૦ વર્ષ સુધી આ ફ્લેટ એ કોઇને વેચી ન શકે.

દર વર્ષે ૧૫ થી ૧૮ જ્ઞાતિજનોને હિસાબે ૧૦ વર્ષમાં અંદાજે ૧૫૦ કે તેથી વધુ કુટુંબોને લાભ આપી શકાય અને એમના સપના સાકાર થઈ શકે. આપણે પણ જ્ઞાતિ ઉપયોગી કાર્ય કર્યું કહેવાશે તેમજ જ્ઞાતિ પાસે રહેલ ભંડોળ લેખે લાગશે. જે જરૂરતમંદ પરિવારો જોડાય તેમના નામે લોટરી કાઢી ૧૫ થી ૧૮ સભ્યોને આ લાભ દર વર્ષે આપી શકાય તો એક ભગીરથ કાર્ય પાર પાડી શકાય તેમ છે.

આ યોજના કાયમી ધોરણે કાર્યરત રહે તો જ્ઞાતિ બાંધવોનો રહેઠાણનો સળગતો પ્રશ્ન ઉકેલી શકાય.

નોંધ : આ બાબતની ચર્ચા કરવા અનુકૂળતાએ ક્યારે પણ મને બોલાવી શકો છો.

**- નરેન્દ્ર શામજી દંડ -તેરા-મુલુંડ**

# શ્રી દાદા ભલારાની નાની આરતીમાં... દુરસ્તી અપેક્ષિત

પહેલાનાં વખતમાં શ્રી દાદા ભલારાનાં પાટ પત્યાં પછી ફક્ત પુરુષો જ આરતી કરતાં હતાં. તે વખતનાં કાળે સ્ત્રીઓને ફક્ત ત્રણ જ વખત પ્રવેશ અપાતો (આરતીમાં નહીં) ૧) પટ રાગવા માટે, ૨) અખ્ખા લેવા માટે અને ૩)દર્શન લેવા માટે.

માટેજ તત્કાલીન સમયના આરતી રચનાકાર શ્રી લહેરચંદભાઈ વેલજી મૈશેરી (મુલુંડલાલા) એ ‘પુરુષો’ને જ નજરમાં રાખીને આરતીની રચના કરેલ. પરંતુ હવે વર્તમાન કાળે આરતીમાં પણ સ્ત્રીઓને પ્રવેશ અપાય છે ત્યારે શ્રી દાદા ભલારાની નાની આરતીમાં આવતી એક કળી ‘પાગ ઉતારી, દાદા પગે લગોતાં!’ આ કળી સ્ત્રીઓ બોલતી વખતે તેમનાં માટે કાંઈક અજુગતું જ લાગતું હોય છે. કારણ કે સ્ત્રીઓ ક્યારેય પણ માથા ઉપર ‘પાગ’ પહેરતી જ નથી, તો પછી ‘પાગ’ કેવી રીતે ઉતારશે...?!!!

હા, શ્રી દાદા ભલારાને પગે લાગતી વખતે હંમેશા વિધિકાર કહે છે કે ‘આડ કાઢીને પગે લગો’ એટલે કે સાડીનો છેડો/પાલવ કાઢીને પગે લાગવું. માટેજ શ્રી દાદા ભલારાની નાની આરતી બોલતી વખતે ‘પાગ ઉતારી, દાદા પગે લગોતાં !’ જયારે પુરુષો બોલે ત્યારે સ્ત્રીઓએ નીચે મુજબની કળી બોલવી સંયુક્તિક ગણાશે.

‘આડ કઢીને, દાદા પગે લગોતાં!’

આમ અપેક્ષિત વિચારમંથન બાદ ઉપરોક્ત બદલાવ કરવો યથાર્થ જ ગણાશે, એમ અમારો પ્રામાણિક અભિપ્રાય છે!!! શ્રી દાદા ભલારાની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખ્યું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્!

**- મહેશ કાંતિલાલ ભવાનજી મોતા**
**કુવાપધ્ધર (જલગાંમ ) મો.: ૯૪૦૪૪ ૯૨૮૩૦**

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ|| || શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ||

|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત–કલ્યાણ–ગૌતમ–ગુણ–ગુણોદ્ય–કલાપ્રભ–કવિન્દ્ર–વીરભદ્ર–મહોદયસાગરસૂરીભ્યો નમઃ||

# ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની બારમી ધ્વજારોહણ – સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

દિવ્ય આશિષઃ શાસનસમ્રાટ્–રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભ નિશ્રા : મોડપર તીર્થ જીર્ણોધ્ધારક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ ઠાણા અને સાધ્વીજી ભગવંતો

વિધિકાર શ્રી પ્રિયાંશુભાઈ (જામનગર) તથા સંગીતકાર શ્રી મનોજભાઈ હીરાચંદ લોડાયા એન્ડ પાર્ટી (મોટી ખાવડી)

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

<u>પ્રથમ દિવસ : સંવત ૨૦૮૧, જેઠ સુદ ૭, સોમવાર, તા. ૦૨–૦૬–૨૦૨૫</u>

બપોરના ૧૨ થી ૧ કલાકે : સાધર્મિકભક્તિ
બપોરના ૨.૦૦ કલાકે : અઢાર અભિષેકની ઉછામણીઓ
બપોરે ૩.૦૦ કલાકે : અભિષેક
સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર
સાંજના ૭.૦૦ કલાકે : ભાવના, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૦૩–૦૬–૨૦૨૫ માટે

<u>દ્વિતીય દિવસ : સંવત ૨૦૮૧, જેઠ સુદ ૮, મંગળવાર, તા. ૦૩–૦૬–૨૦૨૫</u>

સવારના ૮.૦૦ કલાકે : નવકારશી, સવારના ૯.૦૦ કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ
બપોરના ૧૨.૩૦ કલાકે : આરતી, મંગલદીવો, ઉછામણી–નકરા–ચડાવા, બહુમાન
બપોરના ૧.૦૦ કલાકે : સાધર્મિકભક્તિ, સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

**સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૫૧,૦૦૦/-**

**માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ હંસરાજ દૌલત પરિવાર** હ.: વર્ષા નરેશ દૌલત, પુત્ર ચિ. ધર્મેશ અને પુત્રી કુ. કરિશ્મા (સેવક ભરૂડીયા–મુલુંડ)

## ધ્વજારોહણના લાભાર્થી

- તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :
  **માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ પરિવાર (દલતુંગી–ડોંબીવલી)**
  હ. અ.સૌ. ભાવના બિપીન શિયાલ, દ્વિયાંશ બીના સેતલ શિયાલ, જુગલ બિપીન શિયાલ
- ૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :
  **શ્રી પાર્શ્વનાથ જિન ભક્તિ મહિલા મંડળની બહેનો**
- મોડપર તીર્થ સ્થાપકદાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :
  **માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ હંસરાજ દૌલત પરિવાર** હ.: વર્ષા નરેશ દૌલત, પુત્ર ચિ. ધર્મેશ અને પુત્રી કુ. કરિશ્મા (સેવક ભરૂડીયા–મુલુંડ)

શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાનના સાથે તેમજશ્રી દાદા કેસરીયા આદિનાથ દાદા બન્ને ભગવાનના અભિષેક ૧ થી ૧૭નો નકરો રૂા. ૧૧૦૦/– પ્રમાણે રહેશે તથા ૧૮માં અભિષેકની ઉછામણી રૂપિયામાં બોલવામાં આવશે. આમ ટોટલ ૨ ચડાવા લેવામાં આવશે.૧૮ અભિષેકદરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી મંગળ દીવો વિ. ચડાવા લેવામાં આવશે.

સર્વસાધારણ ફંડમાં વાર્ષિક રૂા. ૨,૭૦૦/–નો નકરો તેમજભોજનશાળા જીવદયામાં ફંડ લખાવી શકો છો. રકમ લખાવી રકમ આપી રસીદમેળવી લેવી.

વાર્ષીક અષ્ટપ્રકારી આઠ પુજાનો ચડાવો પણ રૂપિયામાં રહેશે. (૧) વાક્ષેપ પુજા (૨) પક્ષાલ પુજા (૩) અંગ લુછણા (૪) બ્રાસ પુજા (૫) કેસર પુજા (૬) પુષ્પ પુજા (૭) ધુપ પુજા (૮) દિપકપુજા તેમજ આવતી ત્રણે ધ્વજાનો ચડાવાનો આદેશ અપાશે.

શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા, ૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા તથા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિરની ધ્વજાના ચડાવો પણ લેવામાં આવશે.

## –: નિમંત્રણ :–

આ શુભ પ્રસંગે અચલગચ્છના તેમજશ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ–બહેનો, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી તેમજજામનગરના સર્વે ગામ પ્રમુખો–મોવડીઓ, શ્રાવક–શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે આજુબાજુના ગામવાસીઓને આવવા–જવા માટેવાહન વ્યવહારનો ખર્ચ બન્ને દિવસ સંઘ તરફથી આપવામાં આવશે.

● લિ. ●

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજશ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકારના જયજિનેન્દ્ર!**

સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો.: ૯૮૯૨૯ ૫૦૮૧૪

UPASANA-9820167767

# તે દિ, આદિનાથની આંખોમાં મેં આસૂંડા દીઠા...

– લેખિકા : લતા ધરમશીં - 98258 25451



KUTCH DEVELOPMENT ORGANISATION
HOPE 1000
C/O. CHANDRAKANT ENTERPRISE, 8C, 1ST FLOOR, CALCUTTAWALLA BUILDING, 137/147, SAMUEL STREET, BOMBAY - 400 009 • PHONE : 378 09 44 • 375 13 23

આઝાદીની સુવર્ણજયંતીનો સોનેરી અવસર
કચ્છ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન - HOPE-1000
શ્રી ક. દ. ઓ. જૈન કચ્છ એકમ અને સોનચરી યુથ ફોરમના સહયોગથી યોજી રહ્યું છે

શાતિ યુવા મિલન - ૧૯૯૭
સુથરી (કચ્છ)

- તા. ૨૬-૧૨-૯૭ થી ૩૦-૧૨-૯૭ (ગાંધીધામથી ગાંધીધામ સુધી)
- રજીસ્ટ્રેશન ફી ફક્ત રૂા. ૧૦૦/- ગાંધીધામ સુધી આવવા જવાનો ખર્ચ પોતાનો રહેશે.
- ૧૫ થી ૩૦ વર્ષના શાતિના સર્વે યુવાનો / યુવતીઓ ભાગ લઈ શકશે.
- 'વહેલા તે પહેલો' ના ધોરણે છેલ્લી તા. ૧૫-૧૦-૯૭ સુધી

સ્વ. વિકાસ, ભાઈ ચારો અને શાતિ ભાવના વિકસાવવાનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામૂહિક રમતો, વતનની વિરાસત, સમુદ્ર કિનારે રણ પ્રદેશ અને ઠંડી માણવાનો અનેરો યાદગાર પ્રસંગ.

મુંબઈથી પ્રસ્થાન તા. ૨૫ ડીસેમ્બર આગમન ૩૧ મી ડીસેમ્બર બંને કચ્છ એક્સપ્રેસ દ્વારા મુંબઈ-ગાંધીધામ - મુંબઈની રેલ્વે ટિકીટોની બુકીંગ વ્યવસ્થા આયોજકો કરશે. તે માટે રૂા. ૫૦૦/- (અંદાજે) તા. ૧૫-૧૦-૯૭ પહેલાં મોકલી આપવાના (બે મહિના પહેલા બુકીંગ શરૂ થાય છે.) બહારગામથી આવનારની મુંબઈમાં રહેવાની જમવાની વ્યવસ્થા નિશુલ્ક કરવામાં આવશે.

સંપર્ક ★ શ્રી અશોક વેરશી મોતા
STEELWELD
3, Mahavir Industries Esatte ,Saki Naka,
Kurla Rd. Saki Naka, Mumbai : 400 072
Phone : 8510210 , 0256408
Fax : 8510874
(For All India)

★ શ્રી પ્રવિણ કુમાર નરશી દંડ
ફેક્ટરી રોડ, મલકાપુર ૪૪૩૧૦૧
ફોન : ૦૭૨૬૭, ૨૨૦૩૨ - ૨૨૨૩૨
(For Maharashtra)

★ શ્રી પ્રવિણ નારાણજી દંડ
નિલેશ પાર્ક, ગાંધીધામ
ફોન : ૦૨૮૩૬૨ ૩૧૧૯૮, ૩૨૨૦૩
(For Gujarat State)

★ શ્રી મુલચંદ પદમશી મોતા
૧૩/૦૨૮ શ્રી કોવીલ લેન
શાંતિ નિવાસ, કલિકટ (કેરલા)
ફોન : ૦૪૯૫ - ૭૬૩૬૫ - ૬૩૬૭૯
(For દક્ષિણ ભારત)

YOUTH FORUMS
1) MASJID BUNDAR MS. NEEPA L. VIKAMSHI - 3751665
2) DOMBIVLI (DYNAMIC) MR. KAFISH K. MOMAYA - 473305 FAX : 3735003
3) GHAKOPAR (GEM) MR. MEHUL MEPANI - 5288258
4) MATUNGA (MIDTOWN) MS. RADHIKA C. KHONA - 4024504, 4022655

(અચિંધા ત હરખાઈધા - ન અચિંધા ત પસ્તાઈધા)

પ્રકાશ સમીક્ષા ■ સપ્ટેમ્બર '૯૭ ■ ૧૮

પ્રિય વાચક ૧૯૯૭નાં આ યુવા મિલનમાં શિબિરાર્થી તરીકે તમે ભાગ લીધો હશે. એનાં સંભારણા તમારી પાસે હોય તો જરૂરથી વોટસએપ પર એક કાગળમાં લખી મોકલશો.

તમે પણ ઈચ્છતા હશો કે તમારા યુવા બાળકોને આવા યુવા મિલનમાં... (મુંબઈમાં ખપોલી અને અલિબાગમાં તો યોજાય છે પણ કચ્છની પાવન ધરામાં યોજાય તો કચ્છને જાણી તો શકે.)

છેલ્લા ૨૫ વર્ષથી કચ્છમાં વસવાટ કરું છું. કચ્છમાં સર્વધર્મ સમભાવ પ્રવર્તે છે. તેથી ઠેકઠેકાણે ધાર્મિક પ્રવૃત્તિઓની વર્ષ દરમ્યાન આરાધના થતી હોય છે. જેમકે જૈનોનાં મંદિરમાં ધ્વજારોહણ, સાધુ-સાધ્વીગણનાં ચાર્તુમાસ પ્રવેશ તેમજ પૂર્ણાહુતિ પર ઠાણંમ-ઠાણો, પર્વાધિરાજ પયુર્ષણ પર્વની ભવ્ય આરાધના ઈત્યાદિ.

કચ્છમાં વર્ષોથી સર્વધર્મ સમભાવની આન-બાન-શાન છે. અહિંના લોકો એક-બીજાનાં ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપે, સહભાગી થાય અને આનંદથી ઉજવે. જુદી જુદી ધર્મની માન્યતાનાં લોકો તે ધર્મોની આચાર-સંહિતા પણ પાળે. જેમકે વરઘોડો નિકળ્યો હોય અને રસ્તામાં મસ્જિદ કે કોઈ પીરનું સ્થાન આવે તો શરણાઈનાં સૂર બંધ થઈ જાય. હિન્દુઓનાં ખાસ તહેવારનાં દિવસોમાં મુસ્લિમ બિરાદરો કતલખાનાા બંધ રાખે.

અમને દિનાંક ૨૯-૪-૨૦૨૫ થી ૦૩-૦૫-૨૦૨૫ સુધી શ્રી શાંતિધારા જિનાભિષેકની આમંત્રણ પત્રિકા અબડાસાનાં કેટલાક ગામોમાં પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી.

દરેક ગામમાં જ્યાં જ્યાં મંદિર ખુલ્લા હતા ત્યાં મહેતાજી, પુજારીજીને આમંત્રણ સુપ્રત કર્યો. ફક્ત નરેડી ગામમાં ટ્રસ્ટીશ્રી સાથે મુલાકાત થઈ. દરેક ઠેકાણે મીઠો આવકાર તો મળ્યો પણ ચા-પાણીની પણ પૃચ્છા થઈ. કેટલાક મંદિર ૧૨ વાગ્યા પછી અમે પહોંચ્યા તો બંધ થઈ ગયેલા. પણ મંદિરની આસપાસ ઓટલા પર બેઠેલા સ્વંયભુ સહાયકો એ પત્રિકા સ્વીકારી અમારી આગતા સ્વાગતા કરી. ધન્ય છે આવા સ્થાનિક સહાયકોને.

પણ પત્રિકાઓ વહેંચી અમે પાછા ફર્યા ત્યારે મનમાં કેટલાક સવાલો ઉઠ્યા અને આપણા સમાજ માટે મહત્ત્વનાં હોવાથી વાચકોના વિચાર-વિર્મશ માટે મૂકીએ છીએ.

(૧) ઘણા ગામનાં મંદિરોના ટ્રસ્ટીશ્રીઓએ છેલ્લા બે થી ત્રણ વર્ષમાં મંદિરની મુલાકાતો પણ લીધી નહોતી. આ મંદિરો મહેતાજી કે પુજારી ચલાવતા હતા.

(૨) કેટલાક ગામોનાં ટ્રસ્ટીઓ ''ઈદ કા ચાંદની માફક'' પયુર્ષણ કે પ્રવેશ-ઠાણંમ ઠાણાંમાં આંટો મારી જાતા.

(૩) લગભગ મંદિરોનાં ટ્રસ્ટીઓની વર્ષોથી વર્ષ ચુંટણી થતી જ ને હોવાથી જુના નિષ્ક્રીય ટ્રસ્ટીઓ ગાદી શોભાવે છે.

આનાં કારણ શું ? ?

(૧) આપણે આપણાં ગામનાં યુવાઓને આપણાં ગામ તરફ આકર્ષી શક્યા નથી તેથી માદરે વતન તરફ તેમનામાં પ્રેમ જાગૃત થતો નથી.

(૨) આપણા ઘણા સાધુ-સાધ્વી ભગવંતો ધાર્મિક શિબરનાં આયોજનો માટે તત્પરતા દેખાડે છે. (ભૂતકાળમાં આવી શિબિરો યોજાઈ છે.) પણ એ માટે હાલનાં ટ્રસ્ટીઓ પાસે સમય નથી.

(૩) કેટલાક વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૯૬/૯૭ની આસપાસ સુથરી ગામે ત્રણ થી પાંચ દિવસની યુવા શિબિરનું આયોજન થયેલ. (આ લેખ સાથે આપેલ ફોટો જોવા વિનંતી.)

પણ પછી...?

(૪) લગભગ બે-ચાર વર્ષ પહેલા નલિયા ગામે પણ મહોત્સવનું આયોજન થયેલ. અને મોટી સંખ્યામાં યુવાધન આવેલું પણ તેમનામાં ઉત્કંઠા પ્રર્વજી તેમને સમાજિક કાર્યો કરવા પ્રેરણાઓ આપનાર સરદાન ન મળ્યો.

ઈ.સ. ૨૦૦૧ના કચ્છમાં આવેલ ધરતીકંપ પછી આપણા હાલના કાર્યવંત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિની કારણે કચ્છમાં અતિઆધુનિક વિકાસ થયો છે. નર્મદાના નીર ગામે ગામે પહોંચ્યા છે. લગભગ દરેક ગામની આજુ-બાજુ રિલાયન્સ, એરટેલ ને વોડાફોનના ટાવરો તમને દુનિયાના કોઈપણ ખૂણામાં તમારા સગા-સંબંધિ સાથે જોડી આપે છે.

**છો તૈયાર...???**

અહીં મને હમ હિન્દુસ્તાની ફિલ્મનું અતિ પ્રસિદ્ધ ગીત યાદ આવે છે.... તમારી સાથે મમળાવું છું...

**''છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની;**
**નયે દોરમેં લીખેંગે, હમ મિલકર નઈ કહાની.''**

સરહદ ડેરીની સ્થાપના પછી ગામે-ગામથી દૂધ ભેગું કરાય છે. આ પારંપારિક ધંધો હવે આધુનિકતા પામ્યો છે. શુદ્ધ દૂધ થેલીમાં મળવા લાગ્યું છે.

કેટલાક પ્રયોગમાતક યુવાઓએ આધુનિક ખેતીમાં ઝંપલાવી અહીં ડ્રેગોન સ્ટ્રોબેરી, કચ્છી બોરનું ઉત્પાદન વિજ્ઞાનીક પદ્ધતિથી વિકસાવ્યું છે.

કચ્છમાં રીલાયન્સ, ડી-માર્ટનાં આધુનિક મોલ ઉભા થયા છે. તેથી દરેક વસ્તુ એકજ દુકાનમાંથી ઉપલબ્ધ છે.

કચ્છમાં કુદરતી ઉપચાર કેન્દ્રનો વ્યાપ વધ્યો છે તેથી માવજત કરાવવા લોકો પધારે છે.

કચ્છમાં મલ્ટીપરપસ હોસ્પિટલો સ્થાપાઈ છે, આયુષ્યમાન યોજના હેઠળ અમુક શરતોએ નજીવા ભાવે કે મફતમાં સારવાર મળે છે.

કચ્છમાં ઠેકઠેકાણે યોજાતા લોકડાયરા, સંતોની રામકથા કે ભાગવત કથા ધર્મની ધજા ફરકાવી રાખે છે.

કચ્છમાં આધુનિક પદ્ધતિથી શિક્ષણ આપતી શાળા-મહાશાળાઓ નિર્માણ પામી છે.

સંતાન વિહોણા કે સંતાનોથી કોઈક કારણસર છુટા પડેલા વરિષ્ઠ નાગરિકોને હેતભર્યું સ્થાન મળે છે.

કચ્છના વિકાસના કારણે અહીં પર્યટનોનો વિકાસ થયો છે. જેમકે આધુનિક જોવાલાયક સ્થળો પ્રાગમહેલ, છતેડી, સ્મૃતિવન મેમોરીયલ, વંદેમાતમ્ મેમોરીયલ, કડીયા ધ્રો, અદાણી પોર્ટ, લાખાવીરના પક્ષીઓ, કચ્છનું રણ (કચ્છ નહીં દેખા તો ક્યા દેખા), રોડ ટુ હેવન, ધોળાવીરા, સંસ્કૃતિથી ધબકતું વૃંજવાણી (હેલારો ફિલ્મ યાદ કરો), રણ ઉત્સવ, કાળો ડુંગર જેવા સ્થળો જોવા બીજા રાજ્યોના યુવાઓ તેમજ વિદેશી પર્યટકો ખાસ કચ્છને માણવા આવે છે. પણ આપણું યુવાધન પહોંચતું નથી.

આજે આપણે મુંબઈમાં કે દેશદેશાવરોમાં પથરાઈ ગયેલા છીએ. મુંબઈ, જલગામ, દેવલાલી, નાગપુર જેવા શહેરોમાં રોટરેક્ટ કલબ અસ્તિત્ત્વમાં છે. આપણા ઘણા યુવાઓ આ કલ્બનાં સદસ્ય બની તેમના ગામમાં સમાજોપયોગી સેવા બજાવે છે. તેમજ આપણા એકમોના વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે આપણું યુવાધન હાજરી આવે છે. આપણા એકમોએ પણ ત્રણ થી પાંચ દિવસનાં કચ્છમાં શિબિરો ગોઠવી તેમને આકર્ષવા જોઈએ.

છેલ્લે આટલું જ કહીશ કે આપણામાં રહેલા ગુંચવાળા ભર્યા તાણાવાણા નષ્ટ કરી આગળ વધીએ અને કચ્છને સેવાનું કુરુક્ષેત્ર બનાવીએ તો જ કચ્છની આપણી વિરાસતો સચવાશે અને આપણું યુવાધન કચ્છ સાથે તાલમેલ જાળવશે.




અહીં મને આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીની અતિ પ્રસિદ્ધ કવિતાની પંક્તિઓ કચ્છના વિકાસને જોઈ યાદ આવે છે.

**''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,**
**જંગલની કુંજકુંજ જોવી હતી,**
**જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,**
**રોતાં ઝરણાની આંખ લ્હોવી હતી.**
**સૂના સરવરિયાની સોનેરી પાળે,**
**હંસોની હાર મારે ગણવી હતી,**
**ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે,**
**અંતરની વેદના વણવી હતી.**
**એકલા આકાશ તળે ઊભીને એકલો,**
**પડઘા ઉરબોલના ઝીલવા ગયો,**
**વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં.''**

આરોગ્ય પ્રકાશ

# સ્ટ્રોક – મગજ પર અટેક – લકવો



– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978

સ્ટ્રોક એટલો સાદી ભાષામાં મગજ પર હુમલો, જેવી રીતે હાર્ટ અટેક આવે તેમ મગજ પર હુમલો થાય અને મગજના કાર્યોમાં ગરબડ ઉભી થાય એને CVA એટલે કે Cerebro Vascular Accident (મગજ અને એની રક્તવાહિનીઓનો અકસ્માત) કહે છે.

મગજના જે ભાગને લોહી ઓછું મળે કે ન મળે ત્યારે ત્યાં ઑક્સિજન અને પોષણ ન મળે એટલે મગજના એ ભાગના કોષોનો મિનિટોમાં નાશ થાય અને આ ભાગ જે શરીરના અવયવોનું નિયંત્રણ કરતું હોય તેના પર પણ અસર થાય. અથવા મગજના અમુક ભાગમાં રક્તસ્ત્રાવ થઈ જાય. એ ભાગ પર દબાણ આવે એટલે એ ભાગના કાર્ય પર પણ અસર થાય. અચાનક બોલવા, ચાલવા, સમજવામાં વિક્ષેપ પડે, હાથ પગમાં ખાલી ચડવી, બોલતી વખતે ચહેરા પરના સ્નાયુઓ અલગ રીતે ખેંચાય, હાથ પગ કાર્ય કરતી વખતે અશક્ત લાગે કે ચાલતી કે હાથથી કાર્ય કરતી વખતે એક પગ કે એક હાથ અલગ વર્તે, આંખોથી જોવામાં તકલીફ પડવી, અન્યનું બોલેલું ન સમજાય વગેરે લક્ષણો સ્ટ્રોકના હોઈ શકે. કોઈ વ્યક્તિમાં આવો ફેરફાર નોંધાય તો ઘરની અન્ય વ્યક્તિઓએ 'FAST' શબ્દનો ઉપયોગ કરવા ડૉક્ટરો કહે છે.

Face : દર્દીને હસવાનું કહો હસતી વખતે ચહેરાના સ્નાયુ અલગ રીતે એક તરફ ખેંચાતા જણાશે. દર્દીને જીભ બહાર કાઢી બન્ને તરફ હલાવવા કહો, જો દર્દી તેમ બરાબર ન કરી શકે તો સ્ટ્રોક છે.

Arms : બન્ને હાથ ઉપર કરવા દર્દીને કહો જો તે વ્યવસ્થિત ઉપર ના કરી શકે તો સ્ટ્રોક છે.

Speech : કોઈ સાદુ વાક્ય બોલવા કહો, જો તે થોથવાઈ જાય, સ્પષ્ટ બોલી ન શકે તો સતર્ક બની જાવ. ઉપરની કોઈપણ નિશાની સ્પષ્ટ જોવા મળે તો સ્ટ્રોક આવેલ છે.

Time: હવે Time ન કાઢો, તરત જ જે હોસ્પિટલમાં MD કે ન્યુરોલોજીસ્ટ પાસે લઈ જાવ. અહીં Time ખૂબ મુલ્યવાન છે જેટલી જલ્દી ટ્રીટમેન્ટ મળશે તેટલું દર્દીને નુકશાન ઓછું થશે, લકવાથી બચી શકાશે.

અચાનક બી.પી.નું વધી જવું કે ડાયાબીટીસનું અતિ વધવું, હૃદયના વિવિધ રોગો, દારૂ, બીડી, સિગારેટ, તમાકુ જેવા વ્યસન, સંતતિ નિયમનની ગોળીઓ તેમ જ હાઈ કોલેસ્ટ્રોલ અને હાઈ ટ્રાઈગ્લીસરાઈડ વગેરે થકી મગજની રક્તવાહિનીમાં આવી જાય ત્યારે સ્ટ્રોક આવી શકે.

ઉપાય : તંદુરસ્ત જીવનશૈલી અપનાવે? બી.પી., ડાયાબીટીઝની તકલીફ હોય તો તેને કંટ્રોલમાં રહે તે ધ્યાન રાખવુ, કોલેસ્ટ્રોલ અને ટ્રાયગ્લીસરાઈડ પણ નોર્મલ રહે તે ધ્યાનમાં લેવું. તે માટે તળેલું બિલ્કુલ બંધ કરવું તેમજ ઘી-તેલનો ઉપયોગ જરૂર પુરતો જ કરવો. નિયમિત કસરત, પ્રાણાયામ યોગ કરી આદર્શ વજન જાળવીએ. મોસંબી, સંતરા, દાડમ, શાકભાજી (કાચા)નો રસ, આદુ, લીંબુનો રસ વગેરેનો ઉપયોગ ફાયદાકારી બને. ૭-૮ કલાકની શાંત ઉંઘ, પુરતું પાણી (૬ થી ૮ ગ્લાસ પ્રકૃતિ અને સીઝન પ્રમાણે) લ્યો. મગજ પર સ્ટ્રેસ-તાણ ન આવે વગેરે સર્વ ધ્યાન રાખી સ્ટ્રોકથી બચી શકાય.

જો આ સ્ટ્રોક આવ્યા પછી જલ્દીથી ટ્રીટમેન્ટ ન થાય તો તે અંગને નુકશાન થાય કે લકવો થઈ જાય અને તે દર્દીનું અંગ કામ કરતુ બંધ થાય. એટલે સ્ટ્રોકનું પરિણામ ઘાતક બની ન જાય તે માટે તેના લક્ષણો સમજી સારવાર માટે વિલંબ ન કરવું જરૂરી.

લકવો થઈ જાય ત્યારે દર્દીની હાલત દયનીય બની જાય, ઘણુખરું અડધું શરીર પર લકવાની અસર થાય તો ચાલવું, બોલવું, ખાવું તકલીફદાયક બની રહે. દર્દી માટે ડૉક્ટરે જણાવેલ દવા ઉપરાંત જે કસરતો જણાવી હોય તે નિયમિત રીતે કરવી. દર્દીનું મનોબળ મજબૂત હોવું જોઈએ. આ પરિસ્થિતિથી બહાર આવી શકાશે જ એવો પોઝીટીવ વિચાર દર્દીને જલ્દી સાજો કરશે. લકવાગ્રસ્ત અંગ પર રાઈના તેલમાં મરીનો ભુક્કો (કાપડથી ચાળવું અતિ બારીક પાવડર જરૂરી) મિક્સ કરી માલીશ કરવું (ગ્લાસમાં ગરમ પાણી લઈ તેના પર આરાથી બંધબેસે તેવી વાટકી મુકી તેમાં તેલ+મરી પાવડર લેવા. તેલ હુંફાળું હશે તો તેલ પતલું બનશે, અને ત્વચાના છિદ્રોમાં જલ્દી ઉતરશે). આ ઉપરાંત લકવાગ્રસ્ત અવયવનું હલન ચલન કે તેનાથી થતા કાર્ય કરવાની કોશિષ કરતાં રહેવું, જેથી સ્નાયુ સક્રિય થશે અને વધુ ફાયદો જણાશે.

**ગતાંકનો સુધારોઃ પાના નં. ૧૫ ઉપર આ મુજબ વાંચવું.**

અન્ય ડ્રાયફ્રુટની જેમ કાજુને પણ ભીંજવીને ખાવા, ૩ કલાક ભીંજવીએ તો પણ ચાલે. ભીંજવેલા કાજુમાં તેના ગુણકારી તત્વો સચેત બને અને તેના ગુણોનો ફાયદો મળી રહે.

# ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૦૩.૦૪.૨૫ થી ૧૩.૦૪.૨૫ :** સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી.

**તા. ૦૬.૦૪.૨૦૨૫ :** શ્રી લોડાયા પરિવાર સચ્ચાઇ માતાજી ભાવિક મંડળ, હૈદરાબાદ : કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી : સવારે ૯.૦૦ ક. થી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ.

**તા. ૦૬.૦૪.૨૦૨૫ થી ૩૧.૦૫.૨૦૨૫ :** ગદગ સ્થિત જીવન સંધ્યા સુખાલયમાં સુખોત્સવ ઉજવણી

**તા. ૦૯/૧૦.૦૪.૨૦૨૫ :** નલિયા ગામમાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવાશ્રીની ગંધી બદલી કાર્યક્રમ.

**તા. ૧૦.૦૪.૨૦૨૫ થી ૧૨.૦૪.૨૦૨૫ :** લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસથી પુનમ.

**તા. ૧૨.૦૪.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના 'ભોઇ મા' ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ.

**તા. ૧૨.૦૪.૨૦૨૫ :** શ્રી ભલારા દાદા ભક્તિ મંડળ, હૈદરાબાદઃ શ્રી ભલારા દાદાનો સમુહ પાઠઃ સાંજે ૬.૦૦ ક. : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ.

**તા. ૧૭ /૧૮.૦૪. ૨૦૨૫ :** શ્રી ભલારા દાદા દેવસ્થાનક કચ્છ રવા ગામમાં પુનઃ પ્રતિષ્ઠા બાદ તૃતીય ધ્વજારોહણ મહોત્સવ.

**તા. ૨૦.૦૪.૨૦૨૫ :** શ્રી સમસ્ત મહાજન આયોજિત તથા પશ્ચિમ એકમ તથા કચ્છ એકમ સંચાલિત જ્ઞાતિ ચિંતન શિબિર– ૧ : અમદાવાદ મુકામે.
( ૯૮૨૫૦૪૨૨૦૮ / ૯૮૨૫૨૮૭૫૫૫ )

**તા. ૨૧.૦૪.૨૦૨૫ :** વાંકુ ગામમાં બિરાજમાન વાંકુ, સાંયરા તથા જખૌના સોની પરિવારનાં કુળદેવી શ્રી અંબે માતાજીનો વાર્ષિક પાટોત્સવ (ધ્વજા આરોહણ) તેમજ માતાજીના ભુવાજીની ગંધી બદલવાનો પાવન પ્રસંગ.

**તા. ૨૭.૦૪.૨૦૨૫ :** શ્રી વારાપધર તીર્થ દેરાસરના જિર્ણોદ્ધાર બાદ પુનઃ પ્રતિષ્ઠા તેમજ વિવિધ પુજનના ચડાવાઃ શ્રી મેવાડ કેશરી હોલ, ભાડુંપઃ સવારે ૭.૦૦ ક. થી

**તા. ૨૭.૦૪.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ આયોજિત ૭ થી ૧૮ વર્ષના બાળકોનો સ્ટોલ પ્રદર્શનઃ 'કીડ્શીબીઝન' : સમૃદ્ધિ હોલ, મુલુંડ.

**તા. ૩૦.૦૪.૨૦૨૫ :** શ્રી વિમલનાથજી દેરાસર, બાગલકોટઃ અઢાર અભિષેક સહ ૧૯મો ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૧/૨.૦૫.૨૦૨૫ :** દલતુંગી તીર્થઃ ૧૨૩મું ધ્વજારોહણ મહોત્સવ. તા. ૧ ના ૧૮ અભિષેક. તા. ૨ ના ધ્વજારોહણ તથા બપોરે સાધર્મિક ભક્તિ.

**તા. ૦૩/૦૫.૦૫.૨૦૨૫ :** શ્રી સુથરી તીર્થ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથજી જિનાલય ૧૮૭મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ.

**તા. ૦૪.૦૫.૨૦૨૫ :** સુથરીમાં બિરાજમાન ધરમશી પરીવારના કુળદેવી શ્રી અંબે મા ને નમતા પરીવારોની ૨૫મી રજત જયંતી સમુહ પહેડીઃ સવારે ૯.૦૦ ક. થી આર. આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ પુર્વ.

**તા. ૦૪ થી ૦૬.૦૫.૨૦૨૫ :** સુથરીમાં દાદા ભલારા મુળ સ્થાન : ધ્વજારોહણ મહોત્સવ

**તા. ૭/૮ મે ૨૦૨૫ :** શ્રી આદિનાથ જિનાલય, મંજલ રેલડીયા તીર્થઃ ૧૪૨ મો ધ્વજારોહણ મહોત્સવઃ

**તા. ૭/૧૧.૦૫.૨૦૨૫ :** શ્રી શત્રુંજય એકેડમી આયોજિત ૧૫ થી ૩૦ વર્ષની બહેનો માટે શ્રી મુક્તિ જય ગુણ સંસ્કાર શિબિરઃ શ્રી વિમલનાથ નવગ્રહ ધ્યાનાલય, દેવલાલી

**તા. ૧૭.૦૫.૨૦૨૫ :** નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનું નૂતનીકરણ : ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિંગને જોડતી લિફ્ટનું ભૂમી પુજન.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### રોટરી ક્લબ-ચાલીસગાંવ

શેઠશ્રી રાયચંદ ધરમશી પરિવારના સૌજન્યથી રોટરી ક્લબ ચાલીસગાંવ દ્વારા તા. ૨૯-૩૦ માર્ચના પ્લાસ્ટીક, કોસ્મેટીક અને હેન્ડ સર્જરી કેમ્પ યોજાયો હતો. જેમાં મુંબઈ પુના, ગોવા, નાસિક, ઔરંગાબાદ, ધુલિયાથી ૧૦ ડોક્ટર્સ તથા ૪૦ જેટલો પેરા મેડિકલ સ્ટાફ-નર્સ વગેરેએ સેવા આપી હતી. બે દિવસમાં ૯૨ જેટલા નાના-મોટા ઓપરેશન કરવામાં આવ્યા હતા.

### અનંતનાથજી જિનાલય ઘાટકોર સપ્તાન્હિકા

અનંતછાયા ઘાટકોપર સ્થિત અનંતનાથજી મહારાજ જિનાલયનો ધ્વજારોહણ સપ્તાન્હિકા મહોત્સવ તા. ૨૦.૪.૨૫થી તા. ૨૬.૪.૨૫ દરમિયાન યોજવામાં આવી રહ્યો છે. તા. ૨૦-૪-૨૫ના ૯ વાગ્યે ૧૮ અભિષેક, તા. ૨૧-૪-૨૫ના સ્નાત્ર પૂજન જીવીસી જૈન સંઘ દ્વારા, તા. ૨૨.૪.૨૫ના પંચકલ્યાણક પૂજા અને રાત્રે મહાકાલી માતાજીની ભાવના. તા. ૨૩.૪.૨૫ના સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ, તા. ૨૪.૪.૨૫ સામાયીક/પ્રતિક્રમણ, તા. ૨૫.૪.૨૫ શક્રસ્તવ મહાભિષેક, તા. ૨૬.૪.૨૫ના રોજ અનંત રે રંગોત્સવ ભાવ દીક્ષાઉ. કદઓ જીવીસી જૈન સંઘ ઘાટકોપર દ્વારા સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ.

### 'બહેના'ના પાણીના કુંડા ડોંબિવલી મંડળમાં મળશે

ઉનાળાની કાળઝાડ ગરમીમાં મૂક પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવા 'બહેના' દ્વારા માટીના પાણીના કુંડા વહેંચવામાં આવે છે. તે આપણા કદઓ જૈન મંડળ ડોંબિવલીના કાર્યાલયમાંથી વિનામુલ્યે મેળવી લેવા ઈચ્છુકોને આમંત્રણ.

ગરમીના કારણે પાણીના સ્રોત સુકાઈ જતા ખાસ કરીને ચકલી, કબુતર, કાબર જેવા નરમ મિજાજ પક્ષીઓને પાણીની તરસ શાંત કરવામાં ભારે તકલીફ પડતી રહે છે. આથી પ્રાણી અનુકંપાથી પ્રેરાઈ ગુર્જરમાત સમાચાર પત્ર દ્વારા પક્ષીઓ માટે બાલકની કે છત પર રાખવા પાણીના કુંડાનું મફત વિતરણ કરાઈ રહ્યું છે. ઈચ્છુક જીવદયાપ્રેમી ગુર્જરમાત કાર્યાલય-મુલુંડમાંથી પાણીના કુંડા મેળવી શકે છે એમ જયંતભાઈ છેડાએ જાહેર કર્યું છે.

### વિદ્યાર્થીસંઘના પ્રમુખપદે પારસ ધરમશી

કદઓ વિદ્યાર્થી સંઘના વર્ષ ૨૦૨૫-૨૭ની ત્રણ વરસની મુદત માટે સાયરાના ઘાટકોપર નિવાસી પારસ મયુર ધરમશી ચૂંટાઈ આવ્યા છે.

### વિશ્વ નવકાર મહામંત્ર

જીતો મુલુંડના ચેરમેન રાકેશ દોશી અને ચીફ સેક્રેટરી પ્રીતેશ મૈશેરી દ્વારા કાલીદાસ નાટ્યમંદિર મુલુંડ વેસ્ટ ખાતે વડાપ્રધાન મોદીજીની પ્રેરણાથી ૯ એપ્રિલ ૨૦૨૫ બુધવારના પ્રાતઃ ૮.૦૧ વાગ્યાથી ૯.૩૬ વાગ્યા સુધી નવકાર જાપનું જીતો દ્વારા આયોજન કરાયું છે. ૨૫૦૦૦ ભાવિકો ભાગ લેવાની અપેક્ષા છે. બેઠક વ્યવસ્થા પ્રથમ આવે પ્રથમ પાવેના ધોરણે છે.

### અમદાવાદમાં જ્ઞાતિ ચિંતન શિબિર

આપણી જ્ઞાતિની સામે છૂટાછેડા, સગપણ, જન્મદરમાં ઘટાડા જેવા જટીલ પડકારોના ઉકેલ બાબત ચર્ચાવિચારણા કરવા માટે સમસ્ત કદઓ જૈન મહાજનની હાકલના અનુસંધાનમાં જ્ઞાતિના પશ્ચિમ અને કચ્છ એકમના સંયુક્ત પ્રયાસરૂપે અમદાવાદ ખાતે કદઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા તા. ૨૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ જ્ઞાતિ ચિંતન શિબીર-૧નું આયોજન કરવામાં આવ્યું છે.

ભાગ લેવા ઈચ્છતા જ્ઞાતિજનોએ પશ્ચિમ એકમના સભ્યો કમલેશભાઈ દંડ-૯૮૨૫૦૪૨૨૦૮ અને રાજેશભાઈ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬નો તથા કચ્છ એકમના સભ્યો મહેશભાઈ લાલકા-૯૮૨૫૨૮૭૫૫૫ તથા લહેરચંદભાઈ ખોના-૯૮૨૫૧૩૮૧૦૩નો સંપર્ક કરવો.


**સેલ! સેલ! સેલ!**
**૫ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી વર્ક, બટ કસબ સાડી અને ચણીયા ચોળીઓનું સેલ.
અમારી બીજી કોઈ શાખા નથી.
Sonal ART
**સોનલ આર્ટ**
(થાણા)
શાંતિભાઈ : 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.



# વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

## બાળકોની રાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધા

૨૦૨૫ની રાષ્ટ્રીય અન્ડર-૯ ઓપન નેશનલ આર્ચરી (બાળકોની રાષ્ટ્રીય તીરંદાજી)ની વિજયવાડા આંધ્રપ્રદેશમાં યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતમાંથી એક માત્ર સ્પર્ધક માધાપર ભુજના પ્રયાગ દીક્ષિત ખોખાણીએ ભાગ લીધો હતો.

પ્રયાગ ત્રણ રાઉન્ડ સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો.

## આંધ્ર અને ઓરિસ્સાને જોડતી રેલસેવા

કચ્છથી આંધ્ર અને ઓરિસ્સા (ઓડીશા)ને જોડતી રેલ સેવા શરૂ કરવાની ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા માંગણી કરવામાં આવી છે.

અહીં આંધ્ર અને ઓડિશાના લોકો મજૂરી અને વિવિધ કામોમાં પરોવાયેલા છે અને આદિવાસી અને શ્રમિક વર્ગની સુવિધા માટે સીધી રેલસેવા હવે જરૂરી બની રહી છે.

અત્રે નોંધવું જોઈએ કે આંધ્રપ્રદેશના અનેક શહેરોમાં કચ્છીઓ પણ નોંધપાત્ર પ્રમાણમાં વસે છે.

## કેસર આવવાની છે, હરીફો મેદાનમાં

કચ્છની લોકપ્રિય કેસર કેરીને આવવામાં હજી થોડો સમય છે પણ હરીફો મેદાનમાં આવી ગયા છે. કેરલ અને નાગપુર મહારાષ્ટ્રની કેરી કચ્છના ફળ બજારોમાં આગમન નોંધાવી દીધું છે. નાગપુરની સુંદરી કેરી રૂા.૧૫૦થી ૧૮૦ના ભાવ છે. સ્થાનિકો આ ભાવ મોંઘા હોવાનું જણાવી રહ્યાં છે. અન્ય જાતો પણ એક પછી એક બજારમાં આવતી થઈ છે.

## અજ્ઞૈયા માંકડની હાઈકોર્ટમાં નિયુક્તી

ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમાં પ્રેક્ટીશ કરતા અજ્ઞૈયા ભાવેશભાઈ માંકડની રાજ્ય સરકારે હાઈકોર્ટના મદદનીશ સરકારી વકીલ તરીકે નિયુક્તી કરી છે. ભુજના મહિલા અજ્ઞૈયાબેનની નિમણુંકને કચ્છમાં આવકાર મળી રહ્યો છે.

## ભુજ મેડીકલ એસો.ના પ્રમુખપદે ડૉ. કતિરા

ભુજની ઈંડિયન મેડીકલ એસોસિએશનના વર્ષ ૨૦૨૫-૨૬ માટે જેમાં બે કાયમી અને ૨૯ કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. તે પૈકી ડૉ. લવ કતિરા પ્રમુખ, ડૉ. મોનિલ શાહ ઉપપ્રમુખ, મા.મંત્રી ડૉ. આનંદ હીરાણી જાહેર થયા છે. કાયમી સભ્ય તરીકે ડૉ. ડી.કે. ગણાત્રા અને ડૉ, સત્યમ ગણાત્રા, કોષાધ્યક્ષ તરીકે ડૉ. દેવેન જોગલ અને સહમંત્રી પદે ડૉ. મીત ઠક્કરની નિમણંક થઈ છે.

## ભુજ રાજકોટ ટ્રેન શરૂ

ભુજથી રાજકોટ માટે રેલવે ટ્રેન શરૂ થઈ ગઈ છે. ટ્રેન શરૂ થવાની સાથે અંજાર સ્ટોપ આપવા અને દ્વારકા સુધી લંબાવવાની માગણી પણ શરૂ થઈ ગઈ છે.

## ૧૬મો સૈનિક ભૂમિ નૌકા વિહાર

૭૭મા આર્મી દિવસની ઉજવણીના ભાગ રૂપે ૨૦૧૦થી યોજાતા ભૂમિ નૌકા વિહારનો ૧૬મો વિહાર યોજાયો હતો. એશિયામાં માત્ર કચ્છમાં યોજાતા ભૂમિ નૌકા વિહાર ૪૦૦ કિ.મી.નો પ્રવાસ કરશે. કચ્છની સરહદ અને ભૌગોલિક રચનાથી વાકેફ કરવા માટે રણમાં ચાલી શકતી સઢવાળી નૌકામાં આ પ્રવાસ યોજાય છે. અભિયાનમાં કુલ સાત નૌકાઓમાં ૨૦ જવાન શામેલ થયા હતા. નોંધપાત્ર છે કે આ નૌકાઓ વજનમાં હલકી અને ફૂંકાતા પવનની શક્તિથી સપાટ પ્રદેશોમાં પૈડા પર દોડે છે.

## ગાંધીધામથી કન્ટેઈનર ટ્રેઈન શરૂ

ગાંધીધામ રેલવે ગુડ્સ સર્વિસ દ્વારા ૯૬ કન્ટેઈનર લોડેડ ટ્રેઈન લુધિયાણા માટે રવાના થઈ છે. ઐતિહાસિક ઘટના રૂપ આ ટ્રેઈનની રવાનગી કચ્છ-ગાંધીધામની વ્યાપારિક પ્રવૃત્તિમાં નવા આયામના મંડાણ કરશે એવી અપેક્ષા સેવાય છે.

આ કન્ટેઈનર સર્વિસ સેન્ટ્રલ વેર હાઉસ કોર્પોરેશન, ભારતીય રેલવે અને આઈવેર સપ્લાયચેન સર્વિસીસ લિમીટેડના સંયુક્ત ઉપક્રમે શરૂ થઈ છે. એનાથી માલની હેરફેર ઝડપી, સસ્તી અને પારદર્શી રીતે થશે એમ માનવામાં આવે છે.

## કચ્છનું ગુગળ રૂા. ૧૫૦૦ પ્રતિ કિલો

લઘુવનોપજનું ઉત્પાદન વધ્યું હોવાનું જાણવા મળે છે. મુખ્ય પેદાશ ઉનાળુ મધ હાલ ખાનગીમાં રૂા. ૭૦ થી ૮૦

"Chania Choli ni Choice Mate"
જ્યોતિ
Sarees Since 1976
Matunga (E)
Kasab-Zikkasab-Butkasab-Zardosi
Pita Fancy Resham Exclusive Design
& Upto Date Finishing
Behind Arora Theatre,
Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree

અને લેબોરેટરી ટેસ્ટેડ મધના સરકારી ખરીદ ભાવ રૂા. ૧૦૦ પ્રતિ કિલો છે. મધ ઉપરાંત મધપુડાના મીણનો ભાવ રૂા.૧૫૦ પ્રતિ કિલોના ભાવે વનવિકાસ નિગમના ખરીદી કેન્દ્રમાં લેવાય છે. ગુગળના ભાવ રૂા.૧૫૦૦ પ્રતિ કિલો, દેશી ગુંદર રૂા.૪૦૦ના ભાવે સરકારી તંત્ર ખરીદે છે.

જાણકારોના મતે આ ઉપજોનું ઉત્પાદન વધ્યું છે તો સામે ભાવ આગલા વરસની સરખામણીમાં ઘણા ઓછા છે.

**લખપતમાં ટ્રાન્સપોર્ટ સિમેન્ટ ઉદ્યોગની મોટી તકો**

લાઈમ સ્ટોન અને લિગ્નાઈટ જેવા કચ્છના મુખ્ય ખનીજો જ્યાં એક સાથે મળે છે તે પુનરાજપુર ખાણ શરૂ કરવા ખનિજ વિકાસ નિગમે તૈયારી શરૂ કરી છે. ખનિજ વિભાગના આંકડા મુજબ પુનરાજપુર ખાણમાં અંદાજે ત્રણ કરોડ ટન લિગ્નાઈટ અને ૫૬.૨ કરોડ ટન લાઈમ સ્ટોનના ભંડાર હોવાની ધારણા છે.

ખાણો પુરી ક્ષમતા સાથે ચાલુ થતાં દૈનિક ૨૨ ટન કેપેસીટીની ૫૦૦ ગાડીઓ ભરાશે એવી ધારણા છે. અહીં લાઈમ સ્ટોનના જથ્થાને ધ્યાનમાં રાખી પાંચ સિમેન્ટ ઉત્પાદક કંપનીઓ પણ મેદાનમાં ઉતરી છે.

ખનિજ વિકાસ નિગમના જણાવ્યા પ્રમાણે આ ખાણનો જથ્થો ૪૦ વરસ સુધી ચાલી શકશે. બીજા હાથે પાનધ્રો ખાણ બંધ થતા માતાના મઢ અને ઉમરસર ખાણમાંથી અનુક્રમે ૫૦૦ અને ૨૫૦ ટ્રક ભરાય છે. આ જથ્થો પણ ૨૦૩૦ સુધીમાં પૂરો થઈ જવાની આશંકા છે.

ખનિજ વિકાસ નિગમ ભારખંડ (વાયોર) ખાણ અને પાનધ્રો એક્સટેન્શન ૨૦૨૬ સુધી ચાલુ કરવાની ધારણા સેવે છે. હાલ દિવાળી સુધીમાં લખપતની પુનરાજપુર ખાણ શરૂ થવાની સાથે ટ્રાન્સપોર્ટ, સિમેન્ટ અને આનુષાંગિક વ્યવસાયોમાં મોટી તકો સર્જાવાની આશા સેવાય છે.

**લખપત તાલુકાના ખટિયા ગામમાં ૫૨૦૦ વર્ષથી વધુ જુના નગરના અવશેષ**

કેરલ યુનિવર્સિટીના આસિ. પ્રો. ડૉ. અભયન જી.એ.એસ. અને રાજેશ એસ.વી. ને સેન્ડ સ્ટોન દ્વારા બનેલા ગોળ (વર્તુળાકાર) અને લંબચોરસ મકાનના પાયા મળી આવ્યા છે. પડધા બેટના આ વિસ્તારમાં સંશોધનમાં હાડપિંજર મળ્યા છે. એ સમયે ૫૭૦૦ વર્ષ પહેલા પણ આ વિસ્તારમાં પશુ પાલકો રહેતા હતા.

સેંધવ સંસ્કૃતિ સાથે સામ્ય ધરાવતા વાસણોના અવશેષ, મણકા, મોતી, ગાય, ભેંસ, બકરા, સીંપ-છીપલાં, તાંબાની વસ્તુઓ વગેરે સાથે ખાસ પ્રકારની માટીના વાસણ પણ મળી આવ્યા છે.

**વિશ્રામ ગઢવીને કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર**

ગુજરાત સાહિત્ય અકાદમીના વાર્ષિક કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર લોકપ્રિય કચ્છી સર્જક વિશ્રામ ગઢવીને કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર તથા ડૉ. પુર્વી ગોસ્વામીને યુવા ગૌરવ પુરસ્કાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રદાન કરવામાં આવ્યા.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Naranji Narshi Maisheri (PS-7126)**
102, Swara Skydek,Mahadev Nagar Society,
Navrangpura,Behind Sardar Patel Stadium,
Ahmedabad, GJ - 380 009.
M.: 77779 90038.

**Shri Rajesh Govindji Chheda (PS-4763)**
6, Ashtapad Flat Owners Association,
Hira Jain Society, Ramnagar, Sabarmati,
Opp Marudhar Society, Ahmedabad,
GJ - 380 005. M.: 99094 19833.

હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**Smt Taruna Javerchand Lodaya (PS-1702)**
1404, Ace Ambience, 14th Floor,
Devidayal Road, Mulund (West),
MH - 400 080. M.: 98191 27264.

**Shri Ketankumar Tarachand Ratani(Lodaya) (PS-4818)**
B-702, Awadh Habitat, Near Silver Brook,
S P Ring Road, Shilaj, Ahemdabad,
GJ - 380 059. M.: 76000 15683.

**Shri Bhupesh Damji Momaya (PS-01878)**
502, Tarangan Building, Near SMPR School,
V P Road, Mulund (West),
MH - 400 008. M.: 98679 07208.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૨.૨૦૨૪ | ડોંબિવલી | ધ્વીત, હેમાંગી–અમિત દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |
| ૦૬.૦૩.૨૦૨૫ | ઘાટકોપર | વેદા, કાર્તિકા–નીતલ ખોના | કોઠારા | પુત્રી |
| ૧૬.૦૩.૨૦૨૫ | જામનગર | પ્રિશા, ગૌરી–મેહુલ ધરમશી | રંગપુર | પુત્રી |
| ૨૨.૦૩.૨૦૨૫ | તિરૂપુર | પુત્ર, માનસી–રાહુલ સતીષ નાગડા | પરજાઉ | પુત્ર |

## જ્ઞાતિ સગપણ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૩.૨૦૨૫ | ડોંબિવલી | નયન દિપક ટોકરશી લાલકા | લાલા | ૨૭ |
| | થાણે | નીતિ હીરાચંદ ડુંગરશી મૈશેરી | લાલા | ૨૮ |
| ૩૧.૦૩.૨૦૨૫ | સાયન | હમીર ગીરીશ ઉત્તમચંદ નાગડા | નલિયા | ૩૧ |
| | ચુન્ના ભટ્ટી | રાધિકા પરેશ કિરણ ચાંપશી પાલાણી | કોઠારા | ૨૬ |

## આંતરજ્ઞાતિ સગપણ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૩.૨૦૨૫ | ઈંદોર | સિધ્ધાર્થ દિનેશ વિકમશી | પરજાઉ | ૨૭ |
| | હાલોલ | શ્લોકા અલકેશભાઈ શાહ | હાલોલ | – |
| ૦૪.૦૩.૨૦૨૫ | વડાલા | જુગલ તુષાર નવીનચંદ દામજી ધરમશી | મોટી ખાવડી | ૨૮ |
| (ભુલ સુધાર) | અમરાવતી | શૈલી વિનય મોતીચંદ શાહ | મૂંગણી(હાલાર) | ૨૮ |
| ૨૦.૦૩.૨૦૨૫ | મુલુંડ | મંથન અનીશ કેશવલાલ શાહ | માંડવી | ૨૭ |
| | વડાલા | મુદ્રા રૂપેશ હરીશ નાગડા | નલિયા | ૨૭ |
| ૨૩.૦૩.૨૦૨૫ | ડોંબિવલી | નેવિલ દિનેશ કુંવરજી છેડા | પ્રતાપર | ૨૯ |
| | ડોંબિવલી | સ્નેહા જ્યુતન ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૫ |
| ૩૦.૦૩.૨૦૨૫ | પુણે | નૈતિક દુષ્યંત નરેન્દ્ર લાપસિયા | સુથરી | ૨૬ |
| | નોઈડા | ગૌરી દેવેશ દિનેશચંદ્ર ચતુર્વેદી | મથુરા | ૨૫ |
| ૩૦.૦૩.૨૦૨૫ | મુલુંડ | યશ મણીલાલ લખમશી મોમાયા | વરાડિયા | ૨૮ |
| | ડોંબિવલી | નેહા રણજીત રઘુનાથ જૈસવાર | બનારસ | ૨૮ |
| ૩૦.૦૩.૨૦૨૫ | મુલુંડ | સંયમ અજય જેઠાલાલ ધરમશી | રંગપુર | ૩૦ |
| | ચેંબુર | શ્રધ્ધા સંજીવકુમાર ભાઉરાવ ગાવંડે | અકોલા | ૨૭ |
| ૩૧.૦૩.૨૦૨૫ | મુલુંડ | યશ સંજય ભોગીલાલ શાહ | પ્રતાપર | ૨૭ |
| | રાયપુર | પલક ચેતન વીરચંદ છેડા | સુજાપર | ૨૪ |
| ૩૧.૦૩.૨૦૨૫ | અમદાવાદ | આયુષ વિશાલ દિલીપ પાલાણી (ખોના) | કોઠારા | ૨૫ |
| | અમદાવાદ | આન્શાલ દક્ષેશ શશીકાંત ફાડીયા | પ્રાંતિજ | ૨૫ |
| ૩૧.૦૩.૨૦૨૫ | મુલુંડ | કેવિન બીપીન વસંતરાય દોશી | દાઠા | ૨૬ |
| | મુલુંડ | હેત્શ્વી રાજકુમાર મણીલાલ શાહ | ગોધરા | ૨૭ |
| ૦૧.૦૪.૨૦૨૫ | ગાંધીધામ | દામન કેતન આણંદજી મોમાયા | સાંયરા | ૨૪ |
| | અંજાર | વિધિ શૈલેશ દેવશીભાઈ શાહ | અંજાર | ૨૨ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૦૨.૨૦૨૫ | ચાલીસગામ | ભાવેશ વિજય પોલડીયા | બાયઠ | ૨૭ |
| | નાંદેડ | પાયલ રાજેશ નાગડા | તેરા | ૨૬ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૩.૨૦૨૫ | વાપી | ઉદય શશીકાંત ખોના | સુથરી | ૨૯ |
| | કોઈમ્બતૂર | ખુશ્બુ મયુર શાહ | નલીયા | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૩.૨૦૨૫ | વડોદરા | નિર્મલાબાઈ(જયાબાઈ) તારાચંદ શામજી ધરમશી | સુથરી (સુધારો) | ૮૫ |
| ૧૮.૦૩.૨૦૨૫ | મીરારોડ | પુષ્પાબેન ગુલાબચંદ બોરીચા | બાયઠ | ૬૯ |
| ૧૯.૦૩.૨૦૨૫ | સેલમ | ચેતનભાઈ મુલજી મોમાયા | વરાડીયા | ૭૮ |
| ૨૦.૦૩.૨૦૨૫ | માટુંગા | ભુપેન્દ્રભાઈ મેઘજી ભેદા | વારાપધર | ૮૮ |
| ૨૦.૦૩.૨૦૨૫ | ડોંબિવલી | લહેરચંદ ખીમજી શિયાલ | જખૌ | ૫૭ |
| ૨૨.૦૩.૨૦૨૫ | ચાલીસગામ/ વિદ્યાવિહાર | મધુરીબેન ભવાનજી શીવજી લોડાયા | કોઠારા | ૮૪ |
| ૨૨.૦૩.૨૦૨૫ | થાણા | પ્રવિણ વિશનજી હિરજી છેડા | નલિયા | ૬૮ |
| ૨૨.૦૩.૨૦૨૫ | મુલુંડ | પુષ્પાબેન નલીનકાંત લોડાયા | વારાપધર | ૮૦ |
| ૨૨.૦૩.૨૦૨૫ | બેંગલુરુ | ભરત થોભણ લોડાયા | રવા | ૬૧ |
| ૨૩.૦૩.૨૦૨૫ | ડોંબિવલી | સુનિતા મહેન્દ્ર મોતા | વારાપધર | ૬૭ |
| ૨૩.૦૩.૨૦૨૫ | દાવણગીરી | નરેન્દ્ર વિશનજી મુનવર | જખૌ | ૬૭ |
| ૨૩.૦૩.૨૦૨૫ | કોચીન | ભૂપેન ઝવેરચંદ પૂનશી મૈશેરી | સાંયરા | ૭૨ |
| ૨૩.૦૩.૨૦૨૫ | મુલુંડ | શાંતિલાલ દેવજી ડાઘા | વરાડીયા | ૮૧ |
| ૨૫.૦૩.૨૦૨૫ | જામનગર | કિશોરભાઈ હિરજી ડાઘા (માલદે) | દલતુંગી | ૬૮ |
| ૨૬.૦૩.૨૦૨૫ | સુરત | રતનબેન ધનજી રામૈયા ધરમશી | સુથરી | ૮૬ |
| ૨૮.૦૩.૨૦૨૫ | હુબલી | ચંદ્રકાંત મોતીચંદ (પટેલ) નાગડા | નલીયા | ૬૯ |
| ૨૯.૦૩.૨૦૨૫ | હુબલી | દેવકુંવર દામજી મોમાયા | ડુમરા | ૮૪ |
| ૩૦.૦૩.૨૦૨૫ | ગોરેગામ | હિરાબેન ચીમનલાલ મોતા | કુઆપધર | ૭૯ |
| ૩૧.૦૩.૨૦૨૫ | ચાલીસગામ | કુ. નિર્મલાબેન (નીમુબેન) લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૮૦ |
